આવતી કાલના નાગરિકોનું પત્ર


કુમાર

૨૪૯

વર્ષ ૨૧મું અંક ૯મો સપ્ટેમ્બર ૧૯૪૪

આદ્યતંત્રી · રવિશંકર રાવળ સંપાદક · બચુભાઈ રાવત

છુટક ૦-૧૦-૦



અન્નસંકટ

અંગ્રેજ સરકારની હકૂમત નીચે હિંદુસ્તાનના દારુણ અન્નસંકટનું આ ચિત્ર એ જ સરકારની અને એ જ દેશની ટપાલની ટિકિટોની કાપલીઓ વડે બનાવેલું છે, એ એની સૂચક વિશિષ્ટતા છે. (ફાગણ, વિક્રમ સંવત ૨૦૦૦) કલાકાર: પુરુષોત્તમ પ્રાગજી સંઘવી-મુંદ્રા



માતાની માંડવી

ચિત્રકાર · સૌ. સરિતાબહેન શાહ (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

તલવારની ભેટ

માનવી અને જીવનસ્વામી (પછી તે પ્રભુ હો કે નિર્મિત હો) એ બેની વચ્ચેના નિગૂઢ સંબંધોને વ્યંજિત કરતાં રવીન્દ્રનાથનાં રહસ્યવાદી રૂપક-કાવ્યો પૈકીનું આ એક છે. આંગણે પધારેલા પ્રિયતમની ફૂલમાળની આશા સેવતી પ્રિયાને આખરે સ્વામી તો ભળાવી જાય છે પોતાની ધગધગતી વજ્ર-શમશેર. એટલેકે, માનવી ચહે છે સ્વામી-હસ્તની સુખકર ભેટ, વાંછે છે મૃદુ વરદાન, પણ પામે તો છે કઠોર કો સેવાના સાધનની સોંપણ. જગત એ જોઈ હાંસી કરે છે. માનવી મુંઝાય છે કે આ દુઃખ, વિપત્તિ અને સંતાપની સ્વામી-ભેટને સાચવવી ક્યાં? એ સાચવણનું સ્થળ એક જ છે—મૂંગા હૃદયનું મ્યાન. એ આયુધના દાનનો ઊંડો મર્મ સમજી, માનવી વલોપાતને વેગળા મૂકે છે, સ્વામીમિલનની પણ પરવા ત્યજે છે, કર્મનાં મીઠાં ફળ પ્રાપ્ત કરવાની ગરજ કરતું નથી, અંતર તાપના કઠોર ખડગને જીવનસંગ્રામમાં વીંઝવાનો કર્તવ્યભાર માથે ચડાવી લઈને મસ્ત બને છે, ને એ સ્વામીદીધા શસ્ત્રને પોતે લજવે નહિ, સુકોમળ સગવડોની શોધમાં જવા લલચાય નહિ, પણ ઝઝૂમ્યા કરે, એવી મંગલ મનવાંછના તેના અંતરમાં ઉદ્ગમ પામે છે.

હરિ સાંજે આવ્યા'તા મારે આંગણે રે,
હતી માળા તે ફૂલની એને ગળે રે;
મારાં મનડાં લોભાણાં ફૂલમાળમાં રે,
મારી માગી લેવાની હાલી હામ ના રે
હાલી હામ ના રે-હરિ૦

હતી આશા, પરભાતે હરિ હાલશે રે,
માળા સેજલડી હેઠ પડેલી હશે રે;
વે'લી આવી ઊભી રહી ગરીબડી રે,
છતાં માગ્યાની જીભ નવ ઊપડી રે
નવ ઊપડી રે-હરિ૦

પછી માળા જાણીને ઝાલવા ગઈ રે,
ત્યાં તો દેખી તલવાર ને ડરી ગઈ રે;
જરા અડકી ને હાથ સસડી ગયા રે,
ધણી! ધગધગતાં વજ્ર મૂકીને ગયા રે
મૂકીને ગયા રે-હરિ૦

મને વનમાં વિહંગ બધાં ખીજવે રે,
'અલી માળાઘેલુડી, લેતી જા હવે રે!'
હરિ! ક્યાં રે રાખું તમારાં દાનને રે?
હું તો શોધું સંતાડવાના સ્થાનને રે!
એવા સ્થાનને રે-હરિ૦

હરિ! શક્તિવિહોણી હું લાજી મરું રે,
મારા ઉરમાં તલવાર તારી સંઘરું રે;
હરિ! હૈડામાં રાખતાં ચીરા પડે રે,
છતાં રાખ્યા વિણ દાન તારાં શે રડે રે!
વા'લા! શે રડે રે-હરિ૦

હરિ! હૈયાને મ્યાન મુકી તેગને રે,
હું તો બે વિણુ વીંધીશ ભવ-વાટને રે;
હરિ! આજુથી મારે સકળ કારજે રે,
હજો તારા જેકાર! અભે રાખજે રે
અભે રાખજે રે!-હરિ૦

હવે બીજા શણગાર કરવા નથી રે,
શ્યામ! નહિ રે આવો તો પરવા નથી રે;
હવે આંસુ સારંતી ઘર-બારણે રે,
નથી ભાટકવું ક્યાંય તમ કારણે રે
તમ કારણે રે-હરિ૦

નાથ! તારી તલવાર લજવું નહિ રે,
દાન તારું દીધેલ તજવું નહિ રે;
હરિ! આપ્યું આયુધ, શુધ આપજો રે!
મારાં જોવાને જુદ્ધ જીવણ આવજો રે!*

ઝવેરચંદ મેઘાણી

સામયિક ચિંતન

બે ઉદ્બોધન

કેવો ધનધાન્યથી ભરપૂર છે આ દેશ! કેવી ફળદ્રુપ ધરતીના તમે માલિક છો! સમૃદ્ધિના અખૂટ ભંડારો અહીં ભર્યા પડ્યા છે. પાણીમાં અહીં ઔષધિઓ છે ને હવામાં અહીં સુગંધીઓ છે. અહીં કોયલની મસ્તી છે ને બુલબુલનાં ગીતો છે. અહીં સુરભિભર્યાં ફૂલો અને હરિયાળાં ખેતરો છે. ઈકબાલનું અભિમાન માતું નહોતું એ હિમાલય સરખા હિમાલયની આ દેશને રખેવાળી છે. અહીં ગંગાના નિર્મળ પ્રવાહો છે ને જમનાનાં ઊછળતાં પૂર જેવી રસિક અહીંની દાસ્તાનો છે. અહીં સિંધુની મસ્તી છે અને જેલમની રંગરેલીઓ છે. આ દેશમાં સર્વકંઈ છે. નથી માત્ર બેજ વસ્તુઓ. અહીં આજે જવાની નથી, ને અહીં આજે મર્દાનગી નથી.

અને એમાં ઝટકો શાને લાગે છે? હું જરા યે ખોટું કહેતો નથી. નહિ તો તમે જ કહો ને, કે જે દેશમાં જવાની અને મર્દાનગી હોય ત્યાં ગુલામી રહી શકે ખરી? જે દેશમાં યૌવન હાકોટા કાઢતું હોય એ દેશના માનવીઓને ભર્યા ભંડારે ભૂખે મરવાનું હોય ખરું?

જવાની છંછેડાય તો એ આકાશ-પાતાળ એક કરે. મર્દાનગીએ મિજાજ ખોયો હોય તો એ પાણીપત ઊભાં કરે અને કાળને ય પડકારી ઊઠે. પણ એ તો જવાની હોય તો ને? મર્દાનગી જીવતી હોય ત્યારે ને? અહીં તો જવાનીએ ચૂડીઓ પહેરી છે ને મર્દાનગીએ ખૂણો પાળ્યો છે. માટે જ કહું છું કે આ હિંદુસ્તાનમાં બધું ય છે, છતાં કંઈજ નથી; કારણકે અહીં જવાની નથી, અહીં મર્દાનગી નથી. —'બે ઘડી મોજ'માં **ડૉ. અમરનાથ** (તારવીને)

૧૯૦૫ની સાલથી છેલ્લાં ચાળીસ વર્ષમાં આપણા તરુણો સમક્ષ જુદીજુદી વિચારધારા ને જુદાંજુદાં ધ્યેયો આવી ગયાં, પણ આજે જાણે એમની સમક્ષ કોઈ ધ્યેય જ નથી એવી સ્થિતિ આવી ગએલી જણાય છે. ઉત્તમ સરકારી નોકર થવાનું ધ્યેય ગયું, પ્લૅટફૉર્મ ગજાવી દેશભક્ત થવાનું ધ્યેય ગયું અને દેશ ખાતર આત્યંતિક ત્યાગનું ધ્યેય પણ ગયું. અસહકાર કર્યા, કાયદાભંગ કર્યા, તુરંગવાસ ભોગવ્યો, વ્યક્તિગત સ્વાર્થની હોળી કરી, કુટુંબને ભિખારી કર્યું, છતાં પોતાને તો કંઈ ન મળ્યું પરંતુ રાષ્ટ્રને પણ કશું હાંસલ ન થયું એ નિરાશામાં આજનો તરુણ કંઈક સ્તબ્ધ, હતાશ, ધ્યેયવિહીન અને ઉદાસીન જેવો બની ગયો જણાય છે.

પરંતુ એમ હતાશ થવાનું કંઈ કારણ નથી. વ્યક્તિનું આયુષ્ય વર્ષો વડે તેમ રાષ્ટ્રનું આયુષ્ય શતકો વડે મપાય છે. આપણી સ્વાતંત્ર્ય માટેની લડતને તો હજુ માંડ અરધો શતક થવા આવ્યો હશે. છતાં યે એટલા વખતમાં આપણે કેટલા નિર્ભય અને સ્વાભિમાની બન્યા છીએ? અને તે સાથે આપણા નૈસર્ગિક હક્કોથી વાકેફ થઈ ગયા છીએ? અને નિષેધાત્મક કાર્ય પછી જે વિધાયક કાર્ય આપણે કરવાનું છે તેની જાણે પૂર્વતૈયારી હોય તેમ, આપણાં ખાનપાન, આચારવિચાર, ભાવના અને કલ્પનામાં કેવી એકરૂપતા આવતી જાય છે?

નક્કી માનજો કે ભવિષ્યકાળ એ ધર્મગુરુઓનો, વડિલોનો કે બેજવાબદારોનો નહિ પણ 'નાગરિકો'નો છે; અને સાચા નાગરિકનું પહેલું લક્ષણ તે રાષ્ટ્રીયત્વની ભાવના છે. હિંદ એક અખંડ રાષ્ટ્ર છે, એ રાષ્ટ્રમાં આપણે જીવવાનું છે, એ જ આપણી પિતૃભોમ ને પુણ્યભોમ છે એવું ચૈતન્ય આપણી નસેનસમાં સંચરવું જોઈએ. —કિર્લોસ્કરમાં **મહાદેવશાસ્ત્રી દીવેકર**

* કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના 'ખેયા' કાવ્યસંગ્રહમાંના 'દાન' નામના કાવ્યનો અનુવાદ • શ્રી મેઘાણીના આગામી સંગ્રહ 'રવીન્દ્ર વીણા'માંથી

પરને કાજે પ્રાણ કેમ આપી શકાય એ તો અનેક બતાવી ગયા છે; આણે બતાવ્યું પરને કાજે પ્રાણ ક્યાંસુધી ટકાવી શકાય

બહાદરી અને બિરાદરીની એક અજોડ કથા સર્જી જનાર

જીવનનો સોદાગર જે. જી. વેસ્ટ્રે

અસફળતાની ઓઢણી કાળી હશે, પણ તેનું મુખ ઘણું દેદિપ્યમાન છે. એટલે જ્યારે ઑસ્ટ્રેલિયાના ગાઢ જંગલમાં એ અસફળતાએ જે.જી. વેસ્ટ્રે પર અભિષેક કર્યો ત્યારે દુનિયાના ઘણા વિજયો ઝાંખા પડી ગયા. જિંદગીનું ખરૂં ગૌરવ પુરુષાર્થમાં છે, સતત પ્રયત્નમાં છે એ તેણે જાતનો એકેએક અણુ ખરચીને બતાવી આપ્યું. સાહસિકોની દુનિયામાં બહાદરી ને બિરાદરીના દાખલા અસંખ્ય છે. દક્ષિણ ધ્રુવની સફરથી પાછા ફરતાં, પોતાની માંદગીથી થતી કૂચની ઢીલને કારણે એક સવારે તંબૂ બહાર નીકળી બરફ પર ચિરનિદ્રા લેતા જનરલ ઓટ્સની વાત જાણીતી છે. જે. જી. વેસ્ટ્રેની દિલાવરી એમ મૃત્યુને વધાવવામાં નહોતી. પણ જિંદગીનો દીવો જ્યારે ઝપાટાબંધ ઓલવાતો હતો ત્યારે, પગલેપગલે મૃત્યુને પાછળ હઠાવતો તે આગળ વધ્યો હતો. ઓટ્સને કહેવું હતું: બીજાઓની ખાતર કેમ પ્રાણ આપી શકાય. વેસ્ટ્રેએ બતાવ્યું: બીજાઓની ખાતર ક્યાંસુધી પ્રાણને ટકાવી શકાય, જ્યારે શરીર તદ્દન નાકામયાબ બની જર્જર થઇ રહે ત્યારે પણ, સંકલ્પની દઢતાથી, આત્માના ખમીરથી.

ઑસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સની ઉત્તર સીમાને અડીને ક્વીન્સલૅન્ડ પાકેનું ગીચ ને ભયંકર-રમણીય જંગલ ખડું છે. અભેદ્ય વનરાજી અને ઊંચા વિકરાળ ડુંગરાથી એ દુર્ગમ્ય પ્રદેશ સભર છે. મૅકફરસન ગિરિમાળને છેડે એ છૂટીછવાઇ ટેકરીઓમાં વહેંચાઇ ન્યૂ સાઉથ વેલ્સનાં વિશાળ ખેતરોને સાંકળી લે છે.

ઈ. ૧૯૩૭ની ૧૯મી ફેબ્રુઆરીએ 'વી-ઉહ' નામનું એક મૅાનોપ્લેન આ જંગલમાં ગરક થઈ ગયું. ઑસ્ટ્રેલિયન સરકારે તપાસ કરવામાં બાકી ન રાખી, પણ કશો પત્તો ન મળ્યો. બ્રિસ્બેનથી સિડની જતું એ વિમાન વચ્ચે રૅાકેમ્પ્ટન ને આર્ચરફીલ્ડના ઉતારૂઓ લઇ આગળ વધ્યું. પણ તે પછી કશા સમાચાર ન મળ્યા. ઊપડતી વખતે હવામાન સારૂં હતું, પણ પછી તોફાનનાં ચિહ્નો નોંધાયાં હતાં. છેવટ, વંટાળમાં સપડાઇ તેણે દરિયાના કોઇ અજાણ ખૂણે કબર કરી હશે એમ કલ્પી એ કમનસીબ વિમાનના સાત જીવોને સરકારી ખાતાએ મૃતની યાદીમાં ચડાવી દીધા.

પણ એ યાદીમાં એક મિ. પ્રાઉડ હતો. આર્ચરફીલ્ડથી તે 'વી-ઉહ'માં બેઠો હતો. જ્યારે આ વિમાને અંધારપછેડો ઓઢી લીધો ત્યારે તે જવાનની ઘરડી માનું કાળજું ફફડી ઊઠ્યું. ઊંડેઊંડે તેને થતું હતું કે તેનો દીકરો જીવે છે. એટલે ૫૦૦ પાઉંડનું ઇનામ કાઢી તેણે સ્વતંત્ર તપાસ ચલાવી. ફરી એ જંગલી ને ડુંગરાળ પ્રદેશ પર વિમાનો ગરજ્યાં—ફક્ત નિરાશ થઈ પાછાં ફરવા માટે.

પણ માની હૈયા-કથની ખોટી ન હતી. પ્રાઉડ જીવતો હતો. એ અગોચર ભૂમિની બાજુમાં નાનકડી વસાહત કરી રહેતા બહાદુર ખેડુ બર્નાર્ડ ઓ'રેલીના સાહસિક સફળ પ્રયત્ને તેને અને તેના એક સાથીને બચાવી લીધા. અને ત્યારે દુનિયાએ, કદી ન સાંભળેલી એવી ભેરૂબંધીની આ વાત સાંભળી.

વેસ્ટ્રે આ વિમાનમાં સાથે હતો. જ્યારે વિમાન તૂટી પડ્યું ને સળગી ઊઠ્યું ત્યારે બાજુની બારી તોડી પાડી પહેલો બહાર કૂદી પડનાર પ્રાઉડ હતો. તેણે બીજા દોસ્ત બિન્સ્ટેડને બહાર કાઢ્યાં, અને તેણે વેસ્ટ્રેને મદદ કરી. વેસ્ટ્રે જ્યારે બહાર નીકળ્યો ત્યારે તેનો વાંસો ને હાથ સખ્ત રીતે દાઝી ગયા હતા. કંઇ થઇ શકે તે પહેલાં બાકીના ચાર આદમીને અગ્નિજ્વાળા ઘેરી વળી હતી.

જેનું આંગળીનું ટેરવું સરખું એકવાર દાઝેલું છે તે જાણે છે કે અગ્નિની વેદના કેવી હોય છે. બંને હાથ અને વાંસામાં અસહ્ય પીડા થતી હોવા છતાં વેસ્ટ્રે બોલી ઊઠ્યો કે પોતે આસપાસમાં કોઇ ખેતર શોધી મદદ મેળવી શકશે. અકસ્માતથી પ્રાઉડના એક પગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બિન્સ્ટેડ લગભગ બેહોશ જેવો પડ્યો હતો. અને તેથી દાઝેલો ને ઘવાએલો વેસ્ટ્રે મક્કમ પગલે આગળ ચાલ્યો.

વેસ્ટ્રે કદાચ એવી સહાય મેળવવામાં સફળ થયો હોત. પણ આ અજાણ્યા મુલકમાં તે ત્રણ હજાર ફૂટની ઊંચાઇએ કશી યે માહિતી વિના ઊભો હતો. અને તે કાંઇ પહાડખેડુ કે જંગલ ભમનાર તો નહોતો. એ તો લંડનનો એક જવાન વેપારી હતો. પણ છતાં તેણે જિંદગીનો સોદો ભલી રીતે ખેલી જાણ્યો.

વેગથી વહેતાં ઝરણાં, લપસણી જમીન, પડી ગએલ તોતીંગ વૃક્ષો ને ગીચ ઝાડી સોંસરવો, તે કુહાડી કે બીજાં સાધન વગર આગળ વધ્યો. માખીઓનાં ઝુંડ તેને હેરાન કરતાં હતાં. ઉકળતો બાફ તેને પરેશાન કરી મૂકતો હતો. છતાં તે આગળ વધ્યો—પડતો આખડતો, લથાડિયાં ખાતો. ઘડિયેવારે તેને કોઇ ડાળી કે પથ્થરનો ટેકો લેવો પડતો અને ભુંજાઈ ગએલા હાથમાંથી કાળી બળતરા ઊઠતી. પણ તેના બે સાથી પેલી એકલ ભૂમિમાં અસહાય પડ્યા હતા. અને કદાચ આગળ જતાં કોઈ ખેતર નજરે ચડી પણ જાય! એકએક પછાડે તેની શક્તિ હણાતી હતી, અને છતાં આશ્ચર્ય તો એ છે કે તે બમણા ઉત્સાહથી દર વખત ઊભો થતો હતો. એ નાનકડું બદન વજ્રના તાંતણે વણાયું હતું.

સખ્ત થાકથી વેસ્ટ્રેની આંખે ઝાંખ વળી. વાંસાની વેદના અને નવી થતી ઈજાએ તેને છેવટ થકવી દીધો. અને એક સીધી કરાડ પરથી તે પચીસ ફૂટ નીચે એક તીક્ષ્ણ પહાડ પર ગબડી પડ્યો. એ પછડાટે તેનો જીવ લીધો.

પણ વાત એટલેથી પૂરી નથી થતી. એ ભયંકર પછાટ પછી પણ તે ઊભો થયો! તેનું કાંડું ભાંગી ગયું હતું, એક આંખ બહાર નીકળી આવી હતી, ને માથા પર ભારે ઇજા થઇ હતી. છતાં તે આગળ વધ્યો. કાયા તો પીંખાઇ ગઈ હતી, પણ તેની પાછળ કામ કરતું લોખંડી મન તેને દોરી જતું હતું. પાછળ બે સાથી નિઃસહાય પડ્યા હતા ને આગળ કદાચ ખેતર મળી આવે...વેસ્ટ્રેના આત્માનું આ રટણ હશે.

હવે તેનાં પગલાં ધીમે ધીમે પડતાં હતાં. જિંદગીની છેલ્લી મૂડી ખર્ચાઇ જતી હતી. પણ છતા તેના પગ ન થંભ્યા.

છેવટ એ ક્ષણ આવી—થોડી પળ, થોડાં જ ડગલાં અને એ લોહીનીંગળતું શરીર પહાડ પર ફસડાઈ પડ્યું—પેલી ગોઝારી કરાડથી બરાબર અરધો માઇલ દૂર.

પણ છતાં હજુ આશાના દોર નહોતા તૂટ્યા. અદમ્ય ઈચ્છાશક્તિનો તદ્દન હ્રાસ નહોતો થયો. વેસ્ટ્રેના મનમાં હશે કે થોડો આરામ લીધા પછી હજુ પણ તે આગળ જઈ શકશે. તેણે સીગારેટ-કેસ કાઢી અને સીગારેટ સળગાવી ડબ્બીને બાજુમાં મૂકી. ધીમે ધીમે—કદાચ અર્ધબેભાન અવસ્થામાં થોડા દમ ખેંચ્યા. સીગારેટ અર્ધી સળગી અને પછી એ અર્ધી સળગેલી સીગારેટ તેના હાથમાં કાયમ રહી ગઇ. દઢ મનોબળે અત્યાર સુધી પીંજરમાં પૂરેલો પ્રાણ મુક્ત બની ગયો. આ તેનું છેલ્લું આસન પણ એટલું જીવંત હતું કે જ્યારે પેલા ખેડુ બર્નાર્ડ ઓ'રેલીએ તેને જેયો ત્યારે તેણે વેસ્ટ્રે સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પણ પેલા ઊંડા ઘા હકીકતને બહુ વાર છુપાવી શકે તેમ નહોતું.

વેસ્ટ્રેની જ્યાં કાયા પડી ત્યાં તેની કબર ચણવામાં આવી છે. અસફળતા! હવે કોણ કહે છે કે તેની આંખમાં વિજયને પણ શરમાવી દેતી ચમક નથી? **મકરન્દ દવે**

બિહારના ધરતીકંપના નજરે નિહાળેલા બહુધા સત્ય પ્રસંગોને ગૂંથતી કથા

મરણધક્કો



મૂળ લેખક • શરદિન્દુ બંદ્યોપાધ્યાય
(પરિચય માટે જુઓ 'માધુકરી')

મહાસુદી ૧, બંગાબ્દ ૧૩૪૦
વિક્રમ સંવત ૧૯૯૦-સંધ્યા

બિહારમાં મુંગેર શહેર નામે આજ સુધી જે સ્થળ ઓળખાતું હતું તેના જ એક ભાગમાં અમારા મંડળના વિધ્વંસિત મકાનની બહાર અમે કેટલાક જણ બેઠા હતા. સૌ પગથી માથા સુધી ગેરૂવી ધૂળ અને ઇંટોડાંનાં રજકણથી ઢંકાઇ ગયા હતા. કોઈના યે પગમાં પગરખાં નહોતાં. વરદાના શરીર પર માત્ર એક ગંજી હતું. એની ફાળી છોલાઈ ગઈ હતી ને ત્યાંથી નીકળતું લોહી ધૂળ સાથે મળી સુકાઈ ગયું હતું. એ વારે વારે શિ... શિ... કરી કંપી ઊઠતો હતો.

બપોરે બરાબર બે ને બાર મિનિટે, ધરા ધ્રુજાવી નાખતો, ધરતીકંપનો એક જબ્બર ધક્કો આ શહેરને વાગી ગયો છે આકાશ હજુ યે રાતાં રજકણોએ આચ્છાદિત છે; ને નીચે. દૂર ઉપરની કથઇની જેમ, અગણિત બહાવરા લોકો ઇંટ-પત્થરના ડુંગરો પર ફરતા પોતપોતાનાં પ્રિયજનોનાં નામની મોટે સાદે બૂમો પાડતા રડે છે. અમે સૌ થાકયાપાકયા કંટાળીને બેઠા છીએ, ને અભિશાપ પામી સ્મશાનવત્ થએલા મુંગેર શહેર પર શિયાળુ રાતનું અંધારૂં ધીરેધીરે ઘેરાઇ રહ્યું છે.

સૌ પોતપોતાની ચિંતામાં મગ્ન હતા, એથી વચ્ચે વચ્ચે જે થોડીક વાતો થતી હતી તે પણ તુટક ને મેળ વિનાની હતી. શચીન ઓચિંતો બોલી ઊઠયો: 'એક કોદાળી પણ મળી ગઇ હોત તો દાશુદાને બચાવી શકયો હોત. કાટમાળ તળેથી એની કરુણ ચીસો સાંભળતો હતો, પણ માત્ર એકલા હાથવડે જ પચાસ ટન જેટલો કાટનો માળખો ને ઇંટોડાંનો ડુંગર ખેસવવો ... ...'

ને એક ઊંડો નિઃસાસો મૂકી તે શાંત થયો. માત્ર હાથ વડે પણ પચ્ચાસ ટન જેટલો લોહ-લક્કડ ને ઈંટ-પત્થરનો કાટ ખેસવવાનો પ્રયત્ન એ કરી ચૂકયો હતો તેની સાબિતી એનાં લોહીલોહાણ હાથ આપતા હતા.

દાંતની કડકડાટીને માંડ થોભાવીને વરદા બોલ્યો, 'આજ ટેમ્પરેચર કેટલું હશે? ફ્રીઝિંગ પૉઈન્ટથી યે નીચે ગયું લાગે છે, નહિ?'

અત્યાર સુધી ભાંગેલા મકાનનાં બારીબારણાં ભેગાં કરી તાપણું સળગાવવામાં પરોવાએલો અમૂલ્ય હવે બોલ્યો, 'સૌ અહીં આવીને આની ફરતા બેસો.'

અમે તાપણી ફરતા બેઠા. વરદા બોલ્યો; અમારો ઢોરનો તબેલો હજુ યે સલામત છે. ત્યાં જ બેસીને ગપગોળા હાંકીએ.

'ને પેટના ખાડાનું?' અમૂલ્યે પેટ પર આંગળા મૂકતાં પૂછ્યું.

ધરતી બતાવી વરદા બોલ્યો:'ઘાસ. આજ તો ખોળ-કડબનાં યે સાંસાં છે.'

અમૂલ્ય હસીને વરદાના વાંસામાં ધબ્બો મારતો બોલ્યો, 'કંઈ પરવા નહિ; જો રહેવાનું ઢોરના તબેલામાં છે, તો પછી ઘાસથી મોં મરડયે કેમ ચાલશે?'

નંદનો એક પગ ભાંગી ગયો હતો. કોટપાટલૂન પહેરેલી સ્થિતિમાં જ એ ચત્તોપાટ પડયોપડયો સિગારેટના ધુમાડા કાઢતો હતો. એને માથે પાટો હતો. એક પગ પાટલૂનના પાયચાની ઉપરની બાજુએ ખપાટ મૂકી તે સાથે સીધો કરી બાંધવામાં આવ્યો હતો. એને ટીંગાટોળી કરીને અમે તાપણા પાસે લાવી સુવાડયો. એના માથા પરનો ઘા બહુ ગંભીર તો નહોતો, છતાં એ બહુ ઢીલો થઈ ગયો હતો. ધુમાડા કાઢતો મનોગત બકતો હોય તેમ એ બોલ્યો:

'પહેલા માળ પર ઑફિસમાં બેઠોબેઠો ટેબલ પર પગ લંબાવી સીગારેટ ફૂંકતોહતો. શરૂઆતમાં અર્ધી મિનિટ તો ખબર જ ન પડી કે ધરતીકંપ થાય છે. ગુંદરિયાની શીશી ટેબલ પરથી નાચતી નાચતી જ્યારે નીચે પડી ત્યારે જ એની ખબર પડી. ઑફિસમાંથી બહાર નીકળવા જાઉં છું ત્યાં તો ઉપરની ભીંતમાંથી એક ખાસ્સી અગિયાર ઇંચી ઇંટ માથા પર પડી. મોઢાભર પડયા ત્યાં જ. પછી પગ પર પડી એક આડી! ચોપગાં થઈ ભાગવાની મહેનત કરી દાદર સુધી પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં તો આખું મકાન કડડડ ભૂસ કરતું તૂટી પડયું મારા ઉપર...'

'નંદ, તું તો પ્રહલ્લાદ-છાપ છો. આટઆટલું થયા છતાં યે તું નથી મર્યો, તો પછી હવે તારે ચિંતા કરવા જેવું શું છે? તું તારે મઝાથી ધુમાડા કાઢયા કર.' અમૂલ્યે જરા લ્હેકાથી કહ્યું.

નંદ હજુયે મનોગત પોતાની આપવીતી કહ્યે જ જતો હતો: 'ભાન આવ્યું ને જોયું તો મારાં નરકોરાં ઇંટોડાથી પુરાઈ ગયાં છે. માંડ શ્વાસ લઇ રહ્યો છું. આખું શરીર ગજબના ભાર નીચે દબાઈ ગયું છે. મનમાં થતું કે જાણે હમણાં મારૂં કલેવર સળેકડાની જેમ કડકડાટ કરતું તૂટી પડશે. આંખો પણ ધૂળથી બંધ હતી. પણ કાન ઉઘાડા હતા. અનેક પ્રકારના અવાજ સંભળાતા હતા. મારી ડાબી બાજુએ ઑફિસનો દફતરી હૈદરમિયાં 'પાણી લાવ', 'શરબત લાવ', 'હલુવા લાવ' વગેરે વિવિધ વાનીઓની ફરમાશ આપતો હતો! જમણી બાજુથી કોકની ઉધરસ સંભળાતી હતી. ધીરે ધીરે એ અવાજો શમી ગયા. ને મારા શરીર પરનો બોજો વધતો જણાયો. કાનમાં ભોંભોં અવાજ થવા લાગ્યો. પછી શું બન્યું તેની ખબર નથી. તમે કયારે બહાર કાઢયો?'

અમારામાંનો ડૉકટર પૃથ્વી જે અત્યાર સુધી પોતાનો અંગૂઠો મોંમાં લઈ ચૂસતો હતો તે અંગૂઠો બહાર કાઢી બોલ્યો: 'સાડા ચાર વાગે. તું પડયો'તો ટૂંટિયાં વાળીને. તારાં નસીબ સારાં કે એક બીજું ત્રાંસું થઇને તારા પર પડયું હતું. નહિ તો.....'ને પછી મારા તરફ જોઇ મૃદુ કંઠે બોલ્યો; 'ઑસ્પિટલના શા હાલ છે, જાણો છો? નંદ માટે ઓછામાં ઓછું થોડુંક આયોડિન ને એક સ્પ્લિન્ટ તો જોઇશે જ. માથાનો જખમ ખાસ બહુ ચિંતાજનક નથી, પણ પગે Compound fracture of the tibia, જો વણસે......'

પ્રમથ વચ્ચે જ બોલ્યો: 'ઑસ્પિટલ હું જોઈ આવ્યો છું. ધૂળ બનીને ઊડી ગઇ છે! કંઇજ ઉપાય નથી દવા મેળવવાનો.'

થોડીવાર સૌ ચૂપ રહ્યા. માત્ર તાપણું લસલસાટ કરતી લાલ જીભના ભડકા કાઢતું બળતું હતું. એ બાજુ તાકીને શચીન બોલ્યો: 'ફક્ત અઢી મિનિટમાં સાત શતાબ્દીથી વિખ્યાત આ શહેર ગંજીપાના બંગલાની જેમ ઢગલો થઇ ધૂળમાં મળી ગયું! કેવી ગજબનાક શક્તિ! કદાચ બાર કલાકના સતત બોમ્બમારાથી પણ આવો વિનાશ શકય નહોતો. કેટલા માણસો મર્યા હશે? કોઇ અંદાજ?'

'છ-સાત હજારથી ઓછા તો નહિ હોય.'

પ્રમથે માથું હલાવ્યું: 'હું આખું ગામ ફરીને આવ્યો છું. બહુ બહુ તો દસ-બાર હજાર માણસ હરતુંફરતું દેખાય છે. બાકીના બધા કયાં ગયા?'

ઘણીવાર સુધી કોઈ કંઇ ન બોલ્યું. અંતે એ ચૂપકીદીને તોડતો ચુનીલાલ મૃદુ કંઠે હસવા લાગ્યો. 'અમૂલ્યે આજે એક કૂતરાનો પ્રાણ બચાવ્યો! તે બોલ્યો.

અમૂલ્યને કૂતરાં ઉપર બહુ પ્રેમ હતો. એ કૂતરિયો જીવ હતો એ સૌ જાણતા હતા. તેથી આ વાત જાણવા સૌ આતુર થઈ ગયા. ચુનીએ વાત શરૂ કરી.

'ધરતીકંપ બંધ પડ્યો કે તુરત હું સ્કૂલ તરફ દોડ્યો, છોકરાઓનું શું થયું તે જોવા-જાણવા. પણ બટાળજતરના ચોક પાસે આવી જોઉં છું તો અમૂલ્ય એક જબ્બર લોઢાનું બીમ ખસેડવા મથી રહ્યો છે. પણ બીમ શાનું હટે? એક તો બીમ પોતે જ વીસ મણ જેટલું વજનદાર, ને તદુપરાંત એ પર કાટનો માળખો. મને જોઇ અમૂલ્યે પાગલની જેમ સાદ પાડ્યાં. એના મોં પરનો ભાવ જોઈ મને થયું કે નક્કી કોઇ માણસ દબાઇ ગયું હશે; ને હું મારાં બાળકોની તપાસ પડતી મૂકી અમૂલ્ય પાસે દોડી ગયો. જઇને જોયું તો બીમની એક બાજુ પીઠ ફેરવીને એક કૂતરૂં બેઠું હતું ને જોરથી પ્રાણિયારી મચાવી રહ્યું હતું. મેં પૂછ્યું, આ શું? તો અમૂલ્યે રોવા જેવા બનીને કહ્યું 'ભાઇ, એની પૂંછડી દબાઈ ગઈ છે, કેમે કરી નીકળતી નથી?

'કેવો ગુસ્સો આવે, કહો તો? ગુસ્સે થઇને ચાલ્યો જતો હતો, ત્યાં અમૂલ્યે મારો હાથ જોરથી પકડ્યાં. શું કહું? જરા ડર પણ લાગ્યો. પારકાના સંતાનને વિપદમાં મૂકી મારા સંતાનની શોધમાં જાઉં છું. કદાચ ભગવાન દગો દેશે તો! અને અમે બેઉએ મળીને પેલું બીમ હટાવવાની ખૂબ મહેનત કરી. પરંતુ બીમ રજ માત્ર પણ ખસ્યું નહિ. અમૂલ્ય રડતાં રડતાં બોલ્યો, હવે શું કરૂં, ભાઇ!

'ને ત્યારે મારા માથામાં બુદ્ધિનો ઉદય થયો. મેં પૂછ્યું, ચપ્પુ છે? અમૂલ્યે ખિસામાંથી ચપ્પુ કાઢ્યું. મેં કહ્યું, હવે મોડું ન કરતાં તુરત આની પૂંછડી કાપી નાખ. અમૂલ્ય સમજી ગયો કે એ વિના બીજો ઉપાય નથી, ને તુરત એણે એ કૂતરાની પૂંછડી કાપી નાખી!'

ને મુક્તિ મળતાં એ કૂતરૂં ફલાંગ મારતું એવું તો નાઠું કે એણે પાછું વાળીને જોયું પણ નહિ. અમૂલ્યને જરા જેટલો યે ધન્યવાદ પણ ન દીધો. કૂતરાની કૃતજ્ઞતા આને જ કહેવાય ને!'

ચુનીની આ વાત દરમ્યાન વચ્ચે બે ત્રણ વાર કંઈક બોલવા માટે અમૂલ્ય ઊંચોનીચો થએલો. હવે એ લજ્જિત મોંએ બોલ્યો, 'ખોટાબોલો છે આ ચુની! હું રડતો હતો?'

'નહોતો રડતો?'

'પૂંછડું કાપવાની વખતે યાદ આવ્યું. મેં પણ આજે એક પતિતાનો ઉદ્ધાર કર્યો છે; પણ પૂરેપૂરો નહિ.' શચીન બોલ્યો.

'કઈ રીતે?'

'બજારના પેલા છેવાડામાં એક પણ મકાન સલામત રહેવા પામ્યું નથી. ઈંટ-કાટમાળની પહાડમાળાઓ જ સર્જાઈ ગઈ છે ત્યાં. એના પર ફરતાંફરતાં અચાનક જોયું તો એક પગ આંગળાંથી ઘૂંટણ સુધી બહાર છે. એ કોઇ ઘુઘરિયાળો ઝાંઝર પહેરેલી સ્ત્રીનો પગ લાગે છે. બૂમાબૂમ કરી બેચાર જણને ભેગા કર્યા. સૌએ મળી કાટ હટાવવા માંડ્યો. મનમાં થયું કે પગ બહાર છે ત્યારે કદાચ એ મૃત્યુ નહિ પામી હોય. મહામહેનતે ધડ સુધી પહોંચ્યા. ધડ તદ્દન સલામત હતું. પણ ત્યાંથી આગળ જોયું તો ગરદનથી આગળ કંઈ જ નહોતું! માથું તદ્દન જુદું થઇ ગયું હતું ને દસેક હાથ દૂર એકલું પડ્યું હતું!'

જરાવાર મૂંગા રહી શચીને ફરી આગળ ચલાવ્યું, 'આજે જે બધાં દૃશ્યો જોયાં છે એ કદિ યે નહિ ભૂલાય. વકીલ ગણેશલાલને તમે ઓળખો છો ને? એ કોર્ટમાં હતો. પાગલની જેમ દોડતો આવીને જુએ છે તો એની સ્ત્રી એના મકાનની સામે જ રસ્તા પર પડી છે; એનાં પ્રાણ ઊડી ગયા છે! ગણેશ હજુ યે સ્ત્રીનું શબ ખોળામાં લઈ રસ્તા વચ્ચે બેઠો છે.'

'જરા અટકીને એ બોલ્યો, 'કેવું નસીબ છે, જુઓ તો! એની સ્ત્રી મકાનમાંથી બહાર નીકળી ગઈ હતી. પરંતુ રસ્તા ઉપર આવતાં જ કોઇક બીજું મકાન તેના ઉપર તૂટી પડ્યું. જો પોતાના મકાનમાંથી એ નીકળી ન હોત તો કદાચ બચી જાત!'

'એ તમારી ભૂલ છે મૃત્યુ એને બોલાવતું હતું, એટલે એ જ્યાં હોત ત્યાંથી એને જવું જ પડત.' વરદાએ કહ્યું.

'હું તો પળવારમાં બચી ગયો. ડેપ્યુટીની કોર્ટમાં એક કેઈસમાં "આર્ગ્યુ" કરતો હતો. ઓચિંતા જજ એક કુદકો મારતા મારા ઉપર પડ્યા, ને અમે બંને બાથંબાથા કરતા ડોલતા ડોલતા જેવા કોર્ટની બહાર નીકળ્યા; છત તૂટી પડી ' ચુનીએ કહ્યું.

'આયખું હોય ત્યાં સુધી કોઈ મરી શકતું નથી. એ જ છે ચરમ અને પરમ સત્ય. એમ ન હોત તો હું કઇ રીતે જીવતો રહેત?' વરદા બોલી ઊઠ્યાં.

'સાવ સાચું છે. તમે કેમ બચી ગયા એ જાણવા અમે સૌ આતુર છીએ; કારણ તમે તો પહેલા માળના તમારા ઓરડામાં બારણું બંધ કરી બપોરની ઊંઘ ખેંચી રહ્યા હશો.' અમૂલ્યે પૂછ્યું.

વરદા બોલ્યો, 'હું કહીશ તો ખરો, પણ મારી વાત તમે કોઇ સાચી નહિ માનો. એક તો હું શરૂથી જ જરા બદનામ છું ને વળી.'

'ભલેને તમારી વાત ગમે તેટલી બનાવટી હોય, આજે તો અમે એ સાંભળવાના જ, આજને—આવે દિવસે પણ જો તમે બનાવટી વાત કહેશો તો સમજીશું કે તમારા જેવો પાપી નરકમાં પણ નહિ હોય.' અમૂલ્યે આગ્રહ કરતાં કહ્યું.

વરદા બોલ્યો, 'જુઓ ભાઇ, તદ્દન ખોટી વાત તો હું કદી યે કહેતો જ નથી. હા, કદાચ ઓછોવત્તો રંગ ચડાવીને કહેતો હોઇશ. પણ આજ તો એમ પણ નથી કરવાનો. તદ્દન સત્ય હકીકત કહીશ. ભગવાનને સાક્ષી રાખીને.'

અને પછી વરદાએ વાતની શરૂઆત કરી.

'અમૂલ્યે કહ્યું એ ખરૂં છે. એ વખતે હું દિવાનિદ્રા જ લેતો હતો. શ્રીમતી પણ બાજુમાં જ સૂતી હતી. ઓચિંતો ધક્કો વાગતાં જાગી ઉઠ્યો. જોયું તો ખાટ જાણે ઘરમાં હાલતી હતી, ને ઘર ડોલતું હતું. જાણે કોઈ બે હાથ વડે હીંચોળતું ન હોય, તેમ. અને એકસામટી હજાર ઘંટી ફરી રહી હોય એવી ઘર્ઘરાટી ધરતીમાંથી સંભળાઈ રહી હતી.

'હું બહુ સાહસિક તો છું નહિ, એટલે મોતથી નથી ડરતો એમ કહું તો ખોટું બોલ્યું કહેવાશે. છતાં આશ્ચર્યની વાત છે કે મને જરા જેટલો યે ભય લાગ્યો નહિ. બુદ્ધિ પણ જરા યે બહેર મારી ન ગઇ. સંભવિત છે કે આફત ઓચિંતી આવીને ઊભી રહી હોવાથી ભય નામક વસ્તુને મનમાં પ્રવેશવાની તક જ ન મળી. વિદ્યુતના ચમકારાની જેમ મારા માથામાં વસ્તુસ્થિતિ સ્પષ્ટ થઈ ગઇ કે આજે જીવન-મરણનો ખેલ છે. કાં આ પાર, કાં પેલે પાર.

'ને આજે તમારી પાસે એ પ્રગટ કરતાં મને શરમ નથી આવતી કે આફતની ગંભીરતા સમજવાની સાથોસાથ એક વાત અમે મનોમન એ નક્કી કરી લીધી કે મરવાનું હશે તો મરીશું યે સાથે, ને જીવવાનું હશે તો જીવીશું યે સાથે જ. કોઇ કોઇને છોડીને નહિ ભાગીએ. અને શ્રીમતીએ પણ મારો ડાબો હાથ એ રીતે જ ઝાલ્યો હતો કે આ જન્મમાં એ હાથ છોડાવવો સંભવિત નહોતો.

'અમે બંને એક સાથે ખાટ ઉપરથી નીચે ઊતર્યાં. એ સમયે છત પરથી ટાઈલ ખરી પડવાં શરૂ થયાં હતાં ને ધરતી એવી તો ડોલતી હતી કે એ પર સ્થિર રહેવું મુશ્કેલ હતું. એક કબાટ કડકડાટ કરતો બરાબર અમારા પગ પાસે જ તૂટી પડ્યો.

'બારણું ખોલી ઓરડામાંથી બહાર નીકળ્યા. પહેલે માળે બીજાં જે જે હતાં તે બધાં ધરતીકંપ શરૂ થતાં તુરત નીચે ચાલ્યાં ગયાં હતાં. અમે ઊંઘીએ છીએ એનો કોઇને ખ્યાલ જ ન રહ્યો, એટલે બીજે માળે અમે બે જ

બાકી રહી ગયાં હતાં.

'પણ બુદ્ધિનાં બારણાં નહોતા ભિડાયાં. એ સાફ હતી એ અગાઉ જણાવી ચૂકયો છું. એથી શું કરવું-ન કરવું એ વિષે બહુ વિચારવા જેવું નહોતું. ઓરડામાંથી બહાર નીકળતાં ડાબી બાજુ નીચે જવાનો દાદર હતો. એ પર થઇને કોઈ પણ રીતે એક વાર ખુલ્લી જગ્યામાં પહોંચી જઇએ, પછી વાંધો નહોતો.

'અમે દાદર પર થઇને નીચે ઊતરવા ગયાં. એક પગથિયું નીચે ઊતર્યાં પણ ખરાં. એ જ વખતે પાછળથી કોઇ અમને ખેંચી રહ્યું હોય એવું અમને લાગ્યું!

'શ્રીમતીનો ચાવીનો ઝૂડો બાંધેલો પાલવ જમીન પર ઘસડાતો હતો. જોયું તો ઝૂડો ઓરડાનાં બારણાંથી ફાંકમાં ભરાઇ ગયો હતો. પલવાર તો મનમાં એમ જ થયું કે બસ, હવે બચવા આરો નથી. ખુદ જમરાજ જ જાણે પાછળથી અમને ખેંચી રહ્યો છે!

'કૂતરાની પૂંછડી કાપવાની વાત એ વેળા જાણી નહોતી. ઉપરાંત એ સ્થિતિમાં પણ શ્રીમતી વસ્ત્રવર્જન માટે તૈયાર નહોતી. અમે પાછાં વળ્યાં. મકાન ત્યારે ટાઢિયા તાવના દરદીની જેમ ધ્રૂજતું હતું. એનાં હાડપિંજર એક પછી એક નીકળી પડતાં હતાં. ધરતીકંપનો વેગ એટલો બધો વધી ગયો હતો કે જાણે કેડમણાં જ બધું મેદાનમેદાન થઇ જશે. મહાપ્રલયને જાણે હવે ઝાઝીવાર નહોતી.

ચાવીનો ઝૂડો બારણામાં એ રીતે ફસાયો હતો કે તેને કાઢવો મુશ્કેલ હતું. તદુપરાંત શ્રીમતીએ મારો એક હાથ પણ ખચખચાવીને પકડી રાખ્યો હતો. પ્લાસ્ટરનો મોટો એવો એક ટુકડો ખરીને માથા ઉપર પડચો ત્યારે યે સાળુ ઝાલીને અમારી ખેંચાખેંચ ચાલુ હતી. ત્યાં તો કમાડ તૂટીને હાથ પાસે પડચું. સારે નસીબે હાથ ભાંગ્યો નહિ, માત્ર થોડા ઉઝરડા થયા. ને ત્યારે સાળુ ઝાલીને એક આંચકો જોરથી માર્યો. સાળુનો છેડાનો ભાગ ફાટી ગયો. ચાવી બારણામાં ફસાએલી જ રહી.

હવે દોડીને નીચે જવા અમે દાદર તરફ ગયા. છતાં નીચે ન જઈ શકાયું. જેવો અમે દાદરને પગથીએ પગ મૂકયો કે તરત ધરતીની એ ભયંકર ધધરાટી વચ્ચે થઇને કોઇ જાણે પ્રચંડ અવાજે બોલી ઊઠયું, "એ બાજુ જઈશ મા!"

આટલું બોલી વરદા અટકયા. એમણે પોતાના બેઉ હાથ તાપણાં પર પહોળા કર્યા. જોયું તો એના હાથ પરનાં રૂંવાડાં ઊભાં થઇ ગયાં હતાં!

વરદાએ વાત આગળ ચલાવી—

'ભ્રમ કહેવો હોય તો કહી શકો છો, પરંતુ એ અવાજ હજુ યે મારા કાનમાં ગાજે છે. મેઘગર્જના શો ગંભીર એ અવાજ—"એ બાજુ જઇશ મા." કોણે કહ્યું એની ખબર નથી, ને એ વખતે તો એની તપાસ કરવાનો યે વખત નહોતો. છતાં એ આજ્ઞાનો અનાદર કરવો યોગ્ય નથી એટલું તો સમજી જ શકયો હતો.

'પણ તો પછી જવું કઇ તરફ? જ્યાં હતા ત્યાં રહેવાથી તો મૃત્યુ નક્કી જ હતું. ચારે બાજુની દીવાલો નજર સામે ચીરાડા થઈ પડુંપડું થઈ રહી હતી. છત હમણાં પડી કે પડશે એમ લાગતું હતું. દાદર-ઘરની છત વારેવારે કડેડાટી સાથે ચિરાઇને પાછી જોડાઇ જતી હતી.

'અમારા પહેલા માળ પર એક નાની સરખી ખુલ્લી અગાશી છે. એ બાજુ શ્રીમતીને ખેંચતોખેંચતો ચાલ્યો. શ્રીમતીના પગે ત્યારે રાજીનામું આપ્યું હતું, એટલે એક રીતે એને બગલમાં ઉપાડીને જ ભાગ્યો. વિચાર્યું કે બચવું હોય તો આ ખુલ્લી અગાશી જ કદાચ બચાવી શકશે.

'અગાશીમાં પહોંચતાં જ એક વિરાટ હાસ્ય જાણે અમારા કાન સાથે અથડાયું,—જે અત્યાર સુધી નહોતું સાંભળ્યું. બરાબર જાણે કોઈ પાગલ હોય 'હા! હા!' કરતો હસે છે ને શહેર આખામાં દોડાદોડી કરી રહ્યો છે. ને અમે જોયુ કે આકાશ ઇંટ-રોડાંનાં લાલ ધૂલિકણે છવાઇ ગયું છે ને એની અંદર મોટાં મોટાં મકાનો બેવડ વળી જઇને કકડભૂ.... સ કરતાં ભાંગી પડે છે.

'કહેતાં બહુ સમય લાગે છે, પણ આ બધું માત્ર અઢી મિનિટમાં જ બની ગયું. એ વખતે હજુ દોઢ મિનિટ થઈ હતી. અમે અગાશીમાં વચ્ચોવચ્ચ ઊભાં હતાં. ચારે બાજુ ઘોર પ્રલય-ઝડીઓ વરસતી હતી. એ જ વખતે ધરતીકંપનો વેગ જરા મોળો પડચો. હમણાં આ શમી જશે એમ મનમાં લાગ્યું. પણ એ સ્થિતિ દસેક સેકન્ડ માટે જ રહી. ને ત્યાર બાદ જે ધરતીકંપ શરૂ થયો એનું વર્ણન તો કદાચ વાલ્મીકિ કે હોમર પણ કરી ન શકે.

'દરિયાઇ ઝંઝાવાતમાં ડોલતી નાનકડી નાવની જેમ પૃથ્વી ડોલવા લાગી. ચારે બાજુના, હમણાં સુધી ધૂંધળાં દેખાતાં દશ્યો હવે એક ગાઢ ધુમ્રાવરણમાં ઢંકાઇ ગયાં માત્ર ચોતરફ પેલું પૈશાચિક હાસ્ય અને મકાનો તૂટી પડવાની કડકડાટી અને ધડામ્ ધૂમ... ધડાકના અગણિત અવાજો સંભળાવા લાગ્યા.

અમારી ચોતરફથી અમારું મકાન ભાંગીને ભુક્કો થઈ નીચે પડચું હતું. પ્રત્યેક પળે મનમાં થતું હતું કે હમણાં આ અગાશી ફાટશે ને અમારો કોળિયો કરી જશે. યા પાસેની જ ભીંત તૂટીને અમારા પર પડશે.

'તમે સૌએ આજે મૃત્યુને નજરોનજર



નિહાળ્યું છે. પરંતુ મારી જેમ સભાનપણે, નિશ્ચલ બનીને ઊભાઊભા એની રાહ, મને લાગે છે કે, તમે કોઈએ નહિ જોઈ હોય. મૃત્યુ-દેવનું કરાળ મુખ મેં એકીટશે નિહાળીનિહાળીને જોયું છે, ને તેમ છતાં મારી આંખનો પલકારો યે માર્યો નથી. અને આજે—સર્વસ્વ ગુમાવવાના આ દિને એ એટલું જ મેં મેળવ્યું છે.

'પણ જવા દો. પૃથ્વી પરની બધી જ વસ્તુઓનો જ્યારે અંત છે ત્યારે એ પ્રાકૃતિક ધરતીકંપ પણ અંત માટે ખસુસ બંધાએલો હતો. ને અઢી મિનિટને અંતે એ પ્રચંડ પ્રલયંકર તાંડવ નર્તક ધરતીકંપ અટકયો.

'ધૂલિકણ-સર્જિત અંધકાર જ્યારે દૂર થયો ત્યારે મેં જોયું તો અમારા મકાનનું નામોનિશાન નહોતું રહ્યું. માત્ર એક થાંભલા ઉપર એક હાથ જેટલી લાંબીપહોળી જગ્યા પર હું ને મારી પત્ની ઊભાં છીએ! જાણે સ્તંભના માથા ઉપર પત્થરમાંથી કંડારેલાં બે પૂતળાં ન હોઇએ! હકીકત સમજ્યાને? અમારા આખા મકાનમાંથી માત્ર એ એક જ થાંભલો બચવા પામ્યો હતો. બાકી બધું જમીનદોસ્ત થઇ ગયું હતું. અમે નીચે ઊતર્યાં હોત તો નક્કી દબાઇને રોટલો જ થઈ ગયાં હોત!'

આટલું કહી વરદા ઘણીવાર સુધી મૌન રહ્યો. ને પછી મનોમન બોલતો હોય તેમ બોલ્યો: 'પણ વિચાર તો એ કરું છું કે અમને ચેતવ્યા કોણે?' વારંવાર એનો જ વિચાર આવે છે. આયખું હતું તો બચી ગયા એ સાચું; પરંતુ "એ બાજુ જઇશ મા"ની એ ચેતવણી માનવસૂરમાં અમને કોણે આપી હશે?*

અનુવાદક: **રમણિક મેઘાણી**

* અનુવાદકના આગામી વાર્તાસંગ્રહ 'મરુભૂમિમાં'થી

કચ્છનાં કીર્તિમંદિરો

[૫] ગેડી

લેખક-શ્રીરામસિંહજી રાઠોડ ડી.ડી.આર.



ગેડીમાંની દશાવતારની મૂર્તિ (ફોટો • લેખક)

મહાભારતનો આખો યે વિરાટ પર્વ આજે મારી સમક્ષ ખડો કરવામાં આવ્યો. ગેડીના પાધરમાં જ ગિરધર જોશી સામા મળ્યા. એમણે સાહજિક વૃત્તિથી વિરાટ નગરીની કથા સંભળાવવા માંડી. 'જેનાં ખંડિયેરો પર ગેડી વસ્યું છે એ જ આ વિરાટ નગર, જ્યાં પાંડવો અજ્ઞાતવાસ રહ્યા હતા. આ રાયમલું તળાવ. તેને કાંઠે કુમારી ઉત્તરાના ઈષ્ટદેવ ઉત્તરેશ્વર મહાદેવના[1] મંદિરના આ અવશેષ. નજીકના સ્મશાન પાસે તળાવકાંઠે આ ભીમકંડો—સ્મશાનવૃક્ષ, જ્યાં પાંડવોએ પોતાનાં આયુધો બાંધીને ટાંગ્યાં હતાં. કંક, બલ્લવ, બૃહન્નલા, ગ્રંથિક, અરિષ્ટનેમી અને સૈરંધ્રી તરીકે છૂપા વેશે પાંડવો અને દ્રોપદી રાજા વિરાટ તથા તેની રાણી સુદેષ્ણા પાસે અહીં આવ્યાં હતાં. બૃહન્નલાએ અહીં ઉત્તરાને નૃત્ય, વાદ્ય અને ગીત શીખવ્યાં હતાં. ભીમે જીમૂતમલ્લને આ ચોગાનમાં પટક્યો હતો. સુદેષ્ણાના ભાઈ કીચકને બલ્લવે આ તરફ કચડીને પૂરો કર્યો હતો. કૌરવ સેના સાથે યુદ્ધ પતી ગયા પછી કંક અને વિરાટ ચોપાટ રમતા અહીં વાદે ચડ્યા અને વિરાટે કંકને પાસો માર્યો. સૈરંધ્રીએ કંકના ઘામાંથી વહેતું લોહી અદ્ધર ઝીલી ભૂમિને અપવિત્ર થતી બચાવી. પણ એ સમયે સૈરંધ્રીએ જે આંસુ વહાવ્યાં તેથી આ ભૂમિ ખારપાટ બની. પાંડવો છતા થયા પછી ઉત્તરા સાથે અભિમન્યુનો લગ્નોત્સવ અહીં જ ઉજવાયો. અને આ માલસર તળાવ. આટલામાં જ ક્યાંક ઉત્તરાનો મહેલ હશે. અહીં ઉત્તરા ને સૈરંધ્રી અંગસંસ્કાર કરતાં આ કંકુ-કાજળાંનો શૃંગારમાં ઉપયોગ લેતાં...'

હદ થઈ ગઈ! છતાં ય લોકમાનસમાં રમી રહેલી મહાભારતની આ કાવ્યમય ભાવનાને આમ પ્રતિબિંબિત થતી અટકાવવાનું જરાય દિલ ન થયું. પોતાની જન્મભોમકાના માહાત્મ્યનું અભિમાન રાખીને, એ ભોમકાને રહસ્યમય બનાવી, જીવનને રસમય કરવાનો ત્યાંના વતનીઓનો અધિકાર છીનવી લઈ આ કાવ્યમય ભાવનાને વિજ્ઞાનની કસોટીએ કસવા કોનો જીવ ચાલે?

ભારતભરમાં—બંગાળમાં, દેહરાદૂનમાં, રાજપૂતાનામાં, ધારવાડમાં, ગુજરાતમાં, કચ્છમાં, ઘણાં ય એવાં સ્થળો છે જે મત્સ્ય દેશની રાજધાની વિરાટનગરી હોવાનો દાવો કરે છે. વિદ્વાનોમાં ચર્ચાસ્પદ રહેલા એ પ્રશ્નમાંથી છેવટે રાજપૂતાનાના જયપુર, અલ્વર અને ભરતપુરનાં રાજ્યોનો કેટલોક પ્રદેશ મત્સ્યદેશમાં ગણાતો હોવાની માન્યતા વિશેષ સંમાન્ય બની છે;[2] અને દિલ્હીથી દક્ષિણે લગભગ ૧૦૫ માઈલ પર વિરાટનગર હોવાની સંભાવના ટેવાએલી છે.[3] પિટકમાં કહેલા સોળ મહાજનપદોમાંનું એક આ મત્સ્ય બૌદ્ધોમાં મચ્છ તરીકે જાણીતું હતું.[4] મત્સ્યનું વિકૃત મચ્છેરી અલ્વરની દક્ષિણે આવેલું છે. કૌરવોની ચાલબાજી અને પ્રવૃત્તિ ઉપર નજર રહે એ રીતે યુધિષ્ઠિરે હસ્તિનાપુરની નજીક આવેલા પ્રદેશમાં ગુપ્ત રહેવાનું પસંદ કર્યું હતું. મત્સ્યદેશ પણ ઘણા હતા. દક્ષિણ તરફના બન્ને મત્સ્યદેશ કુરુદેશ પાસે આવેલા હતા, એટલે પૂર્વ મત્સ્યમાં પાંડવોએ ગુપ્ત નિવાસ કર્યો હોય એ વધારે સંભવિત છે.[6] વળી સહદેવ કચ્છ ગયાની વાત પણ મહાભારતમાં આવે છે.[7] અને કૌશિકો કચ્છથી ભિન્ન ગણાવા કચ્છને મરુકચ્છ કહેતા.[8] આમ, કચ્છની ભૂમિ પણ કંઇક અંશે તો મહાભારત સાથે સંકળાએલી છે. એટલે લોકબુદ્ધિની સીધી સમજથી પર એવી રહસ્યમય ગમ્ય વસ્તુઓને પોતાના જીવનમાં વણાઇ ગએલા મહાભારતના કાવ્યની અનુમાનિક વાતો સાથે લોકો સાંકળી લે એમાં શી નવાઈ? જેનું થડ ચારપાંચ આદમીની બાથમાં સમાવું પણ મુશ્કેલ એવા રાયમલાં તળાવમાંના ભીમકાય કંડાને 'ભીમકંડા'ના નામે જ લોકો બિરદાવે. માલસર તળાવમાં ખારી આવેલી છે અને તેમાં સન છે. એ તળાવમાં તો થોડા મહિના મીઠું પાણી ટકે છે, પણ રેતી ભૂમિના સનમાં ખારૂં પાણી તો કાળેદુકાળે સદાસર્વદા ઝરકયા કરે છે. અહીં એક જ કાંધીએ બેસી એક તરફ ખારાં અને એક તરફ મીઠાં પાણીનો આસ્વાદ આપણે ચોમાસામાં લઈ શકીએ. આ સન, ખારીઆઘાસથી છવાએલો લીલોછમ દેખાય છે. તેમાં ઠેકાણેઠેકાણે પાણી ભરેલા નાના નાના ગોળ ખડિઆ આવેલા છે. એમાં કોઇમાં કાળી તો કોઈમાં રાતી લીલ વળેલી હોય છે. લીલી ચાદરની બિછાત પર જાણે કોઇએ લાલ કંકુ અને કાળા કાજળના કટોરા ગોઠવ્યા હોય એવા એ કમનીય દૃશ્યમાં નિસર્ગનું કાવ્ય નીતરતું દેખાય તેને લોકો દ્રૌપદીનાં કંકુ-કાજળાં કેમ ન કહે? અને ખારપાટ એટલે શાપિત ભૂમિ. દ્રૌપદીનાં આંસુ જ્યાં વહે એ ભૂમિ ખારપાટ જ બને! આમલોકોની ભાવનામાંથી જન્મતું મહાભારતનું આ લોકકાવ્ય અહીં જાણે સ્થિત થયું લાગે છે.

ગેડીના પ્રાચીનતર અવશેષો ત્યાંના લક્ષ્મીનારાયણના મંદિરમાં જોવા મળે છે. આ મંદિરનો સંવત ૧૮૯૭માં પુનરુદ્ધાર થયો છે અને તેનો ત્યાં શિલાલેખ છે. સંવત ૧૮૭૫ના ભયંકર ભૂકંપમાં જમીનદોસ્ત થએલા ત્યાંના મૂળ જૂના મંદિરમાં પહેલાં વિષ્ણુના દશાવતારની અને સૂર્યની મૂર્તિની પૂજા થતી. દશાવતારની વિષ્ણુની આ મૂર્તિને ઈ. સ. ૧૭૬૫માં પોતાની કચ્છ પરની ચડાઈ સમયે સિંધના સરફરાજે ખંડિત કરી.[9] ત્યારથી તેનું ઉત્થાપન થતાં એ ખંડિત મૂર્તિ લક્ષ્મીનારાયણના મંદિરના ચોગાનમાં અપૂજ પડી છે. લોકોક્તિ આ મૂર્તિઓને મહાભારતકાળની કહે છે. અવતારવાદ તો ગીતામાં

(૧) અચલેશ્વર મહાદેવના મંદિર માંહેનું ચતુર્મુખ શિવલિંગ આના અવશેષ તરીકે ખપાવવામાં આવે છે. (૨) મહાભારત વિરાટપર્વ. સ. ૧; સભા. સ. ૩૦; ટૉર્નટનનું ગેઝે૦; આર્કિ સર્વે રીપૉર્ટ પુ. ૨૦, પા ૨. (૩) કનિંગહામનો આર્કિ. સર્વે. રીપૉર્ટ પુ. ૨, પા. ૨૪૪. (૪) સેક્રેડ બુક્સ ઑવ ધી ઇસ્ટ પુ. ૧૭, પા. ૧૪૬ ટી. (૫) મહાભારત વિરાટપર્વ સ. ૧; સભાપર્વ સ. ૩૦; (૬) પૌરાણિક કથાકોષ ખં. ૨ પા. ૩૩૦ (૭) મહાભારત સભાપર્વ અ. ૩૨. (૮) બૃહત્સંહિતા, સ. ૧૪; ભૌગોલિક કોષ ૨૮. (૯) બૉમ્બે. ગેઝે. કચ્છ ૨૨૨

ઉલ્લેખ. એમ ભગવાનના અવતારધારણ કરવાના સમયના અને કારણના કથન જેટલો સનાતન છે. વેદમાં તેના વિષે કાંઈ નિર્દેશ નથી, પણ જે પરથી અવતારોની કલ્પના ઉદ્‌ભવી તે આપ્યું છે. તૈતરીય અને શત્પથમાં એની વાતો વિગતથી આપી છે. જોકે પુરાણોમાં તેમાં પાઠફેર થએલા છે.

માનવપ્રજા ઉત્પન્ન કરનાર સાતમા મનુ વૈવસ્વતને જળપ્રલયમાંથી બચાવી લેવાના હેતુથી વિષ્ણુએ મત્સ્યાવતાર ધારણ કર્યો. જળપ્રલયમાં મૂલ્યવાન પદાર્થોનો જે ધ્વંસ થયો તેની શોધના માટે થએલા સમુદ્રમંથનમાં કૂર્મરૂપે સાગરતળિયે બેસી, પોતાની પીઠ પર મંદરાચળના બનેલા રવયાનો ભાર ધરવા વિષ્ણુએ કચ્છાવતાર ધારણ કર્યો. દૈત્ય હિરણ્યાક્ષ પૃથ્વીને સાગરતળિયે ખેંચી ગયો હતો એની સાથે હજાર વર્ષ લગી યુદ્ધ કરી વિષ્ણુએ વરાહ અવતાર લઈ પૃથ્વીને ઉગારી ઉપર આણી. દાનવ હિરણ્યકશિપુના ત્રાસથી જગતના જીવમાત્રને અને પોતાના ભક્ત પ્રહલાદને મુક્ત કરવા વિષ્ણુએ નૃસિંહાવતાર ધારણ કર્યો. જ્યારે દેવોથી દાનવો વિશેષ પ્રબળ થઈ ગયા ત્યારે દેવોને તેમનું સ્વત્વ પાછું આપવા વિષ્ણુએ વામન અવતાર ધારણ કર્યો. પરશુરામ રૂપે અવતરી વિષ્ણુએ એકવીસ વાર પૃથ્વીને નિઃક્ષત્રિય કરી બ્રાહ્મણોની શ્રેષ્ઠતા પુનઃ સ્થાપિત કરી. રાવણની રાક્ષસી માયાથી પૃથ્વીને રક્ષવા ભગવાન રામચંદ્રરૂપે વિષ્ણુએ રામાવતાર ધારણ કર્યો.

આ બધા અવતારો અંશાવતાર મનાય છે. પણ પછી વિષ્ણુએ પૂર્ણ પુરુષોત્તમરૂપે શ્યામસલુણા કૃષ્ણનો અવતાર ધારણ કર્યો. દુષ્ટોને વેદનિંદક બનાવી તથા વર્ણભેદ અને ઈશ્વરના અસ્તિત્વનો અસ્વીકાર શીખવી તેમનો વિનાશ કરવાના ઉદ્દેશે વિષ્ણુએ બુદ્ધાવતાર ધારણ કરી બુદ્ધરૂપે હિંસાવિધિને નિંદી અને દયાધર્મને ફેલાવ્યો. સદ્ધર્મની પુનઃસ્થાપના કરવા વિષ્ણુ પાપીઓ અને અધર્મીઓનો સંહાર કરવા ધૂમકેતુના જેવી પ્રકાશમાન તલવાર ધારણ કરી અશ્વારૂઢ થઈ કલ્કિ રૂપે અવતરશે. આ દસમો અવતાર ભવિષ્યમાં થશે એમ કલ્પના રૂપે આગમમાં માની લેવાયું છે. એ રીતે જ્યારેજ્યારે ધર્મનો ધ્વંસ અને અધર્મની વૃદ્ધિ થઇ છે ત્યારેત્યારે સતિયા જનોને ઉદ્ધારવા અને દુષ્ટોનો વિનાશ કરી ધર્મની સ્થાપના કરવા ઉપર્યુક્ત દસ અવતારો વિષ્ણુએ ધારણ કરવાનું મનાયું છે.

પણ ભાગવતમાં વિષ્ણુના ૨૨ અવતારોનો ઉલ્લેખ છે. (એક મત અનુસાર ૨૪ અવતારોની કલ્પના થએલી છે.) બ્રહ્મા, નારદ, નરનારાયણ, કપિલ, દત્તાત્રેય, યજ્ઞ, ઋષભદેવ, પૃથુ, મત્સ્ય, કૂર્મ, ધન્વંતરી, મોહિની, નૃસિંહ, વામન, પરશુરામ, વેદવ્યાસ, રામ, બલરામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ, હંસ અને હયગ્રીવ એમ વિષ્ણુના મનાએલા ૨૪ અવતારોમાં બુદ્ધ અને ઋષભના નામોલ્લેખથી નક્કી થાય છે કે જૈનોના ૨૪ તીર્થંકરો અને બૌદ્ધોના ૨૪ બુદ્ધોની કલ્પનાના અનુકરણ રૂપે જૈન અને બુદ્ધ ધર્મના પ્રભાવ પછી વૈષ્ણવોએ પણ વિષ્ણુના ૨૪ અવતારો ગણાવ્યા હોય. પણ વિષ્ણુના મુખ્ય અવતારો તો દસ જ મનાય છે.

એ દસે અવતારોની એકીસાથે એક મૂર્તિ રૂપે પૂજા એક સમયે પ્રચલિત હશે એમ ગેડીની દશાવતારની આ મૂર્તિથી પ્રતીત થાય છે. પણ એ મૂર્તિ કયા કાળની હોઈ શકે અથવા દશાવતાર-પૂજા ક્યારે પ્રચલિત હશે એના ખાસ ઉલ્લેખનીય આધાર મળતા નથી.

આમ તો, મૂર્તિપૂજા ક્યારથી પ્રચલિત થઇ એ પણ અનિશ્ચિત છે. હિંદુધર્મના ભાગવત સંપ્રદાયમાં ભક્તિમાર્ગ શરૂ થતાં ત્યારથી વિષ્ણુની મૂર્તિઓ બનવા લાગી હશે એમ અનુમાન છે. પાણિનીના સમયમાં (ઇ. પૂ. ૬૦૦માં) વાસુદેવની પૂજા પ્રચલિત હતી. મેગેસ્થિનિસે (ઇ. સ. પૂર્વે ૪થી શતાબ્દીમાં) વાસુદેવની પૂજાનો ઉલ્લેખ કર્યો છે. ઈ. સ. પૂ. ૨૦૦ના નગરીના શિલાલેખમાં વાસુદેવની મૂર્તિપૂજા માટે મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. એટલે લાગે છે કે ભાગવત સંપ્રદાય અને મૂર્તિપૂજા આથી પહેલાં પ્રચલિત થઇ ચૂકેલાં હશે.[11] ઈ.સ. ૨૦૦થી માંડી વિષ્ણુપૂજકોના ઉલ્લેખ શિલાલેખો, તામ્રપત્રો અને પ્રાચીન ગ્રંથોમાં મળે છે. ઇ. સ.ની પહેલી સદીની આસપાસની બૌદ્ધ, જૈન અને અન્ય ઘણી મૂર્તિઓ મળે છે. બૌદ્ધોમાં મૂર્તિપૂજાનો પ્રચાર ઉન્નતિશીલ હિંદુધર્મના પ્રભાવ હેઠે મહાયાન સંપ્રદાયની સાથે ઈ.સ.ની પહેલી સદીની આસપાસ શરૂ થયો. એટલે દશાવતારની મૂર્તિમાં બુદ્ધાવતારનું જે નિરૂપણ છે તે જોતાં લાગે છે કે આ મૂર્તિ તે પછીના કાળની છે. અને ઠેઠ અગિયારમી સદીમાં ક્ષેમેંદ્રે દશાવતારચરિત રચ્યું તે જોતાં લાગે છે કે દશાવતારનો ખરો મહિમા તો પછીથી જામ્યો હશે.

ગેડીમાં આ સમયે વૈષ્ણવ ધર્મનું પ્રાબલ્ય હશે, અને વચ્ચે વિષ્ણુ તથા ફરતા તેના દશે અવતારોની આ શ્વેત સંગેમરમરની મૂર્તિ દશાવતારનું માહાત્મ્ય તેની પરાકાષ્ઠાએ હશે તેના ઉત્તમ પ્રમાણ રૂપે છે. સને ૧૯૪૧ના ડિસેમ્બરમાં હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી નિયુક્ત થએલ ગુજરાત પ્રાગૈતિહાસિક અન્વેષકમંડળના એક સભ્ય શ્રી

સોગાદ

મૂળ લેખક • રવીન્દ્રનાથ ઠાકુર



પૂજાનું પર્વ આવ્યું ભંડાર કેટલી ય સામગ્રીથી ભરેલો. કેટલું ય બનારસી કાપડ ને કેટલા ય સોનાના અલંકાર; અને હાંડા ભરીને તો દહીં દૂધ; અને મિઠાઇના તો ટોપલે ટોપલા.

મા સોગાદ મોકલાવતી હતી.

મોટો દીકરો પરદેશમાં સરકારમાં નોકરી કરે છે; વચલો વેપારી છે, ઘેર રહેતો નથી; અને કેટલાક દીકરાઓએ ભાઈભાઇમાં ઝગડા કરી જુદાજુદાં ઘર માંડ્યાં છે. કુટુંબીઓ દેશપરદેશમાં વિખરાઇ ગયા છે.

નાનો દીકરો મોટી ડેલીમાં ઊભો ઊભો જોયા જ કરે છે. સોગાદ પર સોગાદ જાય છે, કેટલા ય દાસદાસી રંગબેરંગી રૂમાલો ઢાંકી થાળીઓ લઈ જાય છે.

દિવસ પૂરો થયો. સોગાદ બધી ચાલી ગઇ. દિવસને અંતે નૈવેદ્યની સોનાની ડાળી લઇને સૂર્યાસ્તની શેષ આભા નક્ષત્રલોકના રસ્તે અલોપ થઇ.

છોકરો ઘરમાં પાછો આવી માને કહે, 'મા, બધાયને તેં સોગાદ દીધી, મને જ નહિ ?'

માએ હસીને કહ્યું, 'બધાયને બધું દેવાઇ ગયું. હવે તારા માટે શું બાકી રહ્યું તે જો.'

એમ કહીને માએ તેને કપાળે ચૂમ્યો.

છોકરો રડતાંરડતાં કહે, મને 'સોગાદ નહિ મળે ?'

'જ્યારે દૂર જઇશ ત્યારે સોગાદ મળશે.'

'અને જ્યારે પાસે છું ત્યારે તારા હાથે જણસ નહિ આપ ?'

માએ તેના બે હાથ પહોળા કરી ખોળામાં લીધો ને કહ્યું, 'આ જ તો મારી હાથની જણસ છે.'

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

(૧૦) ગીતા અ. ૪, શ્લો. ૭-૮ (૧૧) આર. જી. ભાંડારકર: 'શૈવીઝમ, વૈષ્ણવીઝમ ઍન્ડ અધર રીલીજ્યસ સિસ્ટમ્સ' પા. ૮-૧૦

વી. ડી. કૃષ્ણસ્વામીએ અને એ મંડળના પુરાફોટો-કલાકાર શ્રી દેવીદયાળે મારા સંગ્રહમાંનો ગેડીની દશાવતારની ઉત્કૃષ્ટ મૂર્તિનો આ ફોટોગ્રાફ જોતાં તેમને પણ લગભગ તેવી જાતની એક મૂર્તિ સાબરમતી કે પછી એ સંગની ઉપત્યિકામાં કહીં જોવા મળ્યાની વાત અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના મકાનમાં મને કહી હતી. આ સિવાય બીજેથી દશાવતારની અન્ય મૂર્તિ મળ્યાની નોંધ હજુ લગી ક્યાંય મારા જોવામાં આવી નથી. હિંદુ ધર્મના વિકાસક્રમમાં વિષ્ણુના દશે અવતારો એક સમયે એકીસાથે પૂજાતા એ હિંદુ સંસ્કૃતિના ઇતિહાસમાં આ એક વિરલ ક્રમ આ રીતે ઉમેરાય છે.

લક્ષ્મીનારાયણના મંદિરના સભાગૃહનાં બે જાળિયાંમાંથી એકમાં ગણેશની મૂર્તિ છે અને બીજામાં સૂર્યની મૂર્તિ છે. ગણેશની મૂર્તિ પર સ. ૧૬૭૫ની સાલનો એક લેખ છે. સૂર્યની મૂર્તિ, તેમની સાધારણપણે પ્રચલિત મૂર્તિઓ જેવી નથી. પણ ગોળાકાર સૂર્ય અને તેના પરિવેશ, કે કિરણપ્રભા તરીકે ફૂલની પાંખડીઓ, એવું પુષ્પિત આકારનું શ્વેત આરસ પર ઉઠાવેલું ભાસ્કર્યં છે. સૂર્યની સર્જનશક્તિના પ્રતીક સમા સૂરજમુખીના પુષ્પાકારે પૂજાતી આદિદેવ ભગવંત આદિત્યની આ મૂર્તિ, એ રીતે સાંકેતિક હોઈ વિશિષ્ટ છે.

આ મંદિરના જ ચોગાનમાં એક ઓટલા પર ૨ ફૂટ ૩ ઇંચ ઊંચી અને ૧ ફૂટ ૪ ઇંચ પહોળી છૂટી પડેલી શિલા ઉપર ૫ ઇંચની પહોળાઈમાં ૨૧ લીટીનો એક લેખ છે. તેમાં માલણવાવનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે અને તેના સંવત તથા શકના પહેલા અક્ષરો ઘસાઈ ગયા હોય એમ દેખાય છે. તે પર 'સંવત ૫૩૩ વર્ષે શાકે ૩૯૮ પ્રવર્તમાને' એમ વંચાય છે, તે સંવત ૧૫૩૩ અને શાકે ૧૩૯૮ હોવાં જોઇએ. આ લેખમાં ઘૃતપદિના માલવનો જે ઉલ્લેખ આવે છે તે મુજબ ગેડીના મહાવીરના જૈન મંદિરમાં પણ સંવત ૧૫૩૬નો શ્રી માલવના નામોલ્લેખવાળો શિલાલેખ છે. શ્રેષ્ઠી માલવ ઘૃતપદિમાં ઘીનો નામી વેપારી થઈ ગયો. બુદ્ધિના ચમત્કારને જ્યારે માયાવી રૂપ અપાતું એ જાદુઇ જમાનામાં એણે કેવળ ઘીના જ વેપારમાં જમાવેલી અઢળક પૂંજી વિષે એક રસભરી લોકવાર્તા કહેવાય છે.

એકદિવસ એક રબારણ તેની દુકાને ઘીનો ગાડવો વેચવા લાવી. માલવને ઘી સોંપી ગાડવો ખાલી કરી રાખવાનું કહી રબારણ તો બજારમાં બીજી ખરીદી અર્થે ગઇ. ઘી કાઢી લઇ, ખાલી ગાડવો રડી જઇ ભાંગે નહિ તે માટે માલવે સંભાળથી રબારણ જે ઇંઢોણી પર તેને લાવી હતી તેની પર મૂકી રાખ્યો. વળતાં રબારણ ગાડવો લેવા આવી. રબારણને જોઈ માલવ તેને ગાડવો ઉપાડીને આપવા જાય છે, ત્યાં તેને ગાડવો (ભારે) ઘીનો ભરેલો જણાયો. ચતુર વાણિયો ચેતી ગયો કે લક્ષ્મીદેવીની તેના પર કૃપાદૃષ્ટિ થઇ છે. 'કામમાં રહી ગયું; હમણાં જ ખાલી કરી આપું, હાં.' એમ કહી ઇંઢોણી સહિત ગાડવો ઓરડામાં લઇ ગયો. ગાડવાને તળિયે પડેલી ઇંઢોણીનો ભેદ એ પામી ગયો હતો. ગાડવો ખાલી કરી વાણિયાએ રબારણની એ ઇંઢોણી ઓરડામાં જ રાખી દીધી, અને ખાલી ગાડવો તથા દુકાનમાંથી તદ્દન નવી જ ઇંઢોણી કાઢી તેણે રબારણને આપી અને ઉપરથી ટકોર કરી 'આવાં સડેલાં છીતલાં પર મારી દુકાને ઘી શું લાવે છે?' નવી ઇંઢોણી મફતમાં મળતાં રબારણ તો ખુશખુશ થઈ ચાલી ગઈ. એને બિચારીને ક્યાંથી ખ્યાલ આવે કે રસ્તે ચાલતાં તેણે કામચલાઉ બનાવી લીધેલી ઇંઢોણીમાં વપરાએલી વનસ્પતિમાં, ઘીનો ખાલી ગાડવો તે પર મૂકતા તે આપોઆપ ભરાઈ જાય એવો ગુણ હશે! પછી તો માલવે એ ઇંઢોણીના ચમત્કારબળે ઘીના ઘડેઘડા બજારમાં ઠાલવી વહેતા મૂક્યા ને એ રીતે એ ઘીના વેપારમાં અઢળક સંપત્તિ કમાયો.

એકવાર અણહિલ પાટણમાં ઘીનો દુષ્કાળ જણાયો. એ વેળા પાટણના એક અગ્રેસર નાગરિકને ત્યાં જમણવારનો પ્રસંગ આવ્યો. ઘી મેળવવા તેણે ખૂબ ફાંફાં માર્યાં, પણ ક્યાંયથી મેળવી શક્યો નહિ ને તેની આબરૂ જવાનો વારો આવ્યો. વાત ત્યાંના ગોરજી સુધી પહોંચી. ગોરજીએ પોતાના અનુયાયીની લાજ રાખવાનો સહારો આપ્યો. શક્તિશાળી ગોરજીએ પોતાના મંત્રબળે માલવને પાટણ બોલાવી લીધો. પછી તો ઘીની રેલમછેલ થઇ પડી અને પાટણના નાગરિકની પ્રતિષ્ઠા સચવાઇ. માલવના પ્રતાપે જ આમ થવા પામ્યું એથી નિષ્ઠાવાન પાટણવાસીઓએ માલવનું દેન ગેડી પહોંચતું કર્યું. ધીઆ માલવનો મહિમા અને વૈભવ ઉજ્જ્વલ બની ગયાં. પછી તો ઉદાર દિલે માલવે કેટલી યે સખાવતો કરી. આજે પણ ગેડીમાં માલવનું બંધાવેલું માલસર તળાવ, માલણવાવ અને મહાવીર મંદિર માલવની આ કીર્તિગાથાની સાખ પૂરતાં આવેલાં છે. (ચાલુ)

ધર્મિષ્ઠ લક્ષ્મીબાઈ પોળમાં સૌને ચોખા વહેંચતાં હતાં. લોકોએ પૂછ્યું, એવો કાંઈ મંગળ બનાવ બન્યો છે કે ચોખા વહેંચો છો?


વહેંચવાના કામમાંથી પરવારી લક્ષ્મીબાઈ બોલ્યાં: 'ચોખામાં કૂતરું મોં ભરી ગયું હતું. ફેંકી દેવા કરતાં કોઇને દેવામાં શું ખોટું?!

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો પૃ. ૧૭૧ ઉપર છે; પણ તે જોતાં પહેલાં આપમેળે તમે કેટલા સાચા શોધી શકો છો તે ચકાસી જુઓ.

(૧) એક અરબ સોદાગર પાસે ૧૭ ઘોડા હતા. તે મરતી વખતે પોતાના ૩ છોકરા વચ્ચે તેના એવા ભાગ પાડવાનું કહેતો ગયો કે સૌથી નાનાને અરધોઅરધ, વચેટને ત્રીજા ભાગના અને સૌથી મોટાને નવમા ભાગના ઘોડા મળે. પણ ૧૭ ઘોડાના આવા ભાગ કેમ પડે? છોકરા તો મુંઝાયા. છેવટે શહેરના કાજી પાસે જઈને પોતાની મૂંઝવણ કહી તો તેણે એક યુક્તિ કરીને તરત ભાગ પાડી આપ્યા. એ કેવી રીતે પાડ્યા હશે?

(૨) 'એશિયા' શબ્દનો અર્થ શો થાય છે?



(૩) ૨૪ દીવાસળીઓ વડે આ ચોરસાકૃતિઓ ગોઠવેલી છે. (૧) તેમાં કુલ કેટલા ચોરસ છે? (૨) તેમાંથી 'આ' દીવાસળી કાઢી લઇએ તો બાકી કેટલા ચોરસ રહેશે? (૩) 'બ' દીવાસળી કાઢી લઇએ તો કેટલા ચોરસ બાકી રહેશે? (૪) 'આ' ને 'બ' બંને કાઢી લઈએ તો કેટલા ચોરસ રહેશે?

(૪) મારી પાસે બે આંકડા છે. બંનેનો સરવાળો પહેલા આંકડા કરતાં ત્રણગણો છે; પણ બીજો આંકડો એ સરવાળાના અર્ધા ભાગ કરતાં વધારે છે. તો તે આંકડા કયા?


(૫) એક ફૅધમની લંબાઇ કેટલી?

અગ્નિ પાણીથી કેમ હોલવાય છે?

પાણી પ્રશામક હોવાથી અગ્નિને ઠારે છે. એમ સૌ માને છે. પણ ખરી હકીકત એ છે કે અગ્નિપર પડતાંવેંત પાણી વરાળમાં રૂપાંતર પામે છે. એ વરાળનું અસ્તર આડું આવવાથી ઑક્સિજન અગ્નિ સુધી પહોંચી શકતો નથી; એટલે અગ્નિ હોલવાઈ જાય છે.

ગેઝેટ નામ કેમ પડ્યું?

પશ્ચિમના દેશોમાં વર્તમાનપત્રો પહેલવહેલાં અસ્તિત્વમાં આવ્યાં ત્યારે આજની માફક વ્યક્તિદીઠ છુટાં વહેંચાવાને બદલે જાહેર સ્થળોએ વંચાતાં, ને એ સાંભળવા આવનારાઓ પાસેથી તેના દામ તરીકે એકએક ગેઝેટ્ટા (Gazetta–એક ફાર્ધિંગ બરોબરનો સિક્કો) વસુલ લેવામાં આવતો. તે પરથી કાળાંતરે એ શબ્દ 'વર્તમાનપત્ર'નો વાચક બની ગયો; જેમ આપણું પહેલું વર્તમાનપત્ર બુધવારને દિવસે નીકળ્યું તે પરથી બધાં છાપાં શરૂમાં 'બુધવારિયાં' કહેવાતાં. (વે. ભી. ગણાત્રા)



શાકભાજીનાં પોષક તત્ત્વો

આપણી શાકભાજીનાં પોષક તત્ત્વો દર્શાવતો આ આલેખ, ગયા અંકમાં આપેલા, ફળોના આલેખને અનુસંધાને યથોચિત જણાશે. આપણા જીવનના ધારણ, પોષણ તથા વૃદ્ધિ માટે પ્રોટીન, (નત્રિલ), કાર્બોહાઇડ્રેટ (કર્બોદિત) અને ચરબી એ ખાસ જરૂરી તત્ત્વો છે. નત્રિલ આપણા દેહતંતુઓના બંધારણ માટે નાઇટ્રોજન પૂરું પાડે છે, કર્બોદિત અને ચરબી તેને ગરમી ને શક્તિ આપે છે. આ તત્ત્વો આપણાં અનાજોમાંથી મળી રહે છે; પરંતુ અમુક ખૂટતાં તત્ત્વોને માટે એ અનાજ ઉપરાંત આપણને શાકભાજી ને ફળોની પણ જરૂર રહેવાની જ. ફળ-શાકમાં પોષક તત્ત્વો બહુ ઓછાં છે. સરેરાશ એંશી ટકા તો પાણી જ તેમાં હોય છે, એ ઉપરનો આલેખ બતાવશે; પણ અનાજમાં જે નથી તે એમાં છે: આપણાં હાડકાંને બાંધનાર ભૂમિતત્ત્વ-ખનિજ ક્ષારો; અને વિવિધ 'વિટામિનો.' એ ઉપરાંત તેમાં બતાવેલું 'સેલ્યૂલોઝ' (કૂચા)નું તત્ત્વ પોષણને માટે નહિ પણ પાચન-ક્રિયાની મદદ માટે બહુ જરૂરી છે. આ ચિત્ર બતાવે છે કે વનસ્પતિઆહારથી શરીરને જરૂરી બધાં જ તત્ત્વો પૂરાં પડી રહે છે. (WORLD OF WONDER)

વિજ્ઞાનની દૃષ્ટિથી

લેખક · ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા

[૨]

ગુજરાતનું વિજ્ઞાન-સાહિત્ય

આ ઉનાળાની રજામાં અમદાવાદના લેખકમિલનની એક બેઠકમાં હાજર થવાનો મને લાભ મળ્યો હતો. તે વેળાએ મને ગુજરાતી વૈજ્ઞાનિક સાહિત્ય સંબંધે થોડા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તે વિષે હું સભામાં જે કહી શક્યો તેમાં બીજાઓને પણ રસ પડશે અને તેનાથી વધુ પણ મારે કેટલુંક કહેવાનું છે એમ કહીને અત્રે થોડા વિચારો રજૂ કરું છું.

ગુજરાતી વૈજ્ઞાનિક સાહિત્યની ઘણી વિચિત્ર ને કઢંગી સ્થિતિ છે. તેમાંની એક એ છે કે આ સાહિત્ય બહુ થોડું, બહુ ક્ષુદ્ર, અણઘડાએલું ને આપણી જરૂરીઆતોને જરા પણ પહોંચી ન શકે એવું છે એમ લગભગ માની લઇને જ તે વિષે સવાલ કે વિચાર કરવામાં આવે છે. 'આમ કેમ છે ?' 'આટલા ગુજરાતી લેખકો છે, આટલા વિજ્ઞાનજ્ઞો હવે યુનિવર્સિટિમાં તૈયાર થાય છે, આટલા અધ્યાપકો છે, તો ય આ સાહિત્ય કેમ આવી ખરાબ દશામાં છે ?' 'આ વિજ્ઞાનનો યુગ છે છતાં તેને ગુજરાતી સાહિત્યે હજી કેમ ઝીલ્યું નથી ?'

આવા પ્રશ્નો સ્વાભાવિક છે. તેમાં ઘણું સત્ય પણ છે. પણ આ થોડું સાહિત્ય પણ ખરેખરૂં કેટલું છે તેનો ખ્યાલ બહુ થોડાને છે. દાખલા તરીકે ગઈ ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના વિજ્ઞાન વિભાગના પ્રમુખના વ્યાખ્યાનમાં એમણે છેલ્લા વિજ્ઞાન વિભાગની બેઠક પછીથી અત્યાર લગીમાં પ્રકટ થઇ ગએલાં ગુજરાતી વિજ્ઞાન પુસ્તકોની સારી ગણી કરાવી છે. તે વાંચતાં મને લાગ્યું કે એમાંના થોડાંક જ મારા જાણવામાં હતાં: તેથી ય વધુ થોડાં મારા જોવામાં આવેલાં, ને તેથી ય બહુ થોડાં વાંચવામાં આવેલાં! આનું મુખ્ય કારણ મારો નિવાસ ગુજરાતની બહાર છે એ ગણીએ, તો પણ એક વાતની તો કોઈથી ના કહી શકાય એમ નથી કે આજે કોઇને વિજ્ઞાનની કોઇ શાખાનાં ગુજરાતી પુસ્તકો જોવાં હોય તો તેની માહિતી મેળવતાં પણ વાર લાગે, અથવા કદાચિત્ તે માહિતી મળે પણ નહિ. ઘણા વિષયોનાં પુસ્તકો નથી એ ચોક્કસ છે જ, છતાં જે છે ને જે પ્રકટ થતાં જાય છે તેઓ વિષેની આપણી જાણ પણ બહુ થોડી છે.

એટલે સૌથી પહેલું કરવા જેવું એક નાનકડું કામ નીકળી આવે છે તે એ કે ગુજરાતીમાં જેટલાં વિજ્ઞાનપુસ્તકો લખાયાં હોય તે સર્વની, વિભાગવાર યાદી જોઈએ. એની ઉપર દૃષ્ટિ કરતાં જ કયા વિજ્ઞાનવિભાગો ઉપર લક્ષ અપાયું છે ને કયા તદ્દન અસ્પૃષ્ટ રહ્યા છે તે સમજી શકાય. તેમાં લેખકનું નામ, મળવાનું (ભલે વાંચવા માટે ય મળવાનું) સ્થળ, કીમત, પૃષ્ઠસંખ્યા વગેરે હોવાં જોઇએ.

કોઇ ઉત્સાહી યુવાન આ કામ એક મહિનાની અંદર જરૂર કરી શકે. આજથી વીસ વર્ષ પૂર્વે, ૧૯૨૪માં, ભાવનગરની ગુજરાતી સાહિત્ય પરિષદમાં મેં એની માગણી કરી હતી; આ તથા આવાં કામોને માટે અમે વિજ્ઞાનસમિતિ નીમી, અને તેના મંત્રી તરીકે રા. પ્રીતમરાય દેસાઇએ તે કામનો આરંભ પણ કરી દીધો. પછીથી તેઓ પ્રીતમ-નગરની રચનામાં પડ્યા, આ કામ રહી ગયું, ને કોઇએ તેને હજી હાથ અડાડ્યો નથી. અમદાવાદની સાહિત્ય સભા હવે વાર્ષિક સમાલોચનામાં વિજ્ઞાનને દાખલ કરી ચૂકી છે, તો હવે સવાલ તો માત્ર તે પહેલાંનાં વર્ષોનો જ રહ્યો.

અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાએટીની લાયબ્રેરી, વડોદરાની રાજ્ય લાયબ્રેરી, મુંબાઇની ફાર્બસ સભાની લાયબ્રેરી, તે ઉપરાંત મોટા પ્રકાશકો, બુકસેલરો વગેરેની દુકાનો, તથા આમાં ગણાવવી રહી હોય તેવી સંસ્થાઓની લાઇબ્રેરીઓમાં બેસીને થોડા જ વખતમાં કોઈપણ માણસ આ કામ કરી શકે. એથી વધુ તો એ છે કે આ સભાઓ જ, આ સંસ્થાઓ જ પોતે એક માણસને, વેતન આપીને ય, રોકી આ કામ કરાવી શકે. ભાઈ કનૈયાલાલ મુનશી, ગુજરાત સંશોધન મંડળ, ગુ. વ. સોસાએટી વગેરે ધારે તો રમતમાં આ કામ કરી શકે.

આ કામ કરનાર વધુ રસ લે ને વધુ ઉદ્યોગ કરે તો વિજ્ઞાનનું બીજું ઘણું સાહિત્ય માસિકો-ત્રૈમાસિકો ને અન્ય પત્રોમાં પ્રકટ થએલું, ને હવે દટાઈ ગએલું મળશે. જો આ લેખોની ય વિવેકથી યાદી થાય, તેઓમાંથી સારી પસંદગી કરી કેટલાકનું પુનઃ પ્રકાશન થાય તો તો વળી ઘણો વધુ લાભ થાય જ.

આવી યાદીથી આપણી માહિતી ચોક્કસ ને સાચી બનશે, તે ઉપરાંત ભવિષ્યને માટે ઘણાં સૂચનો તેમાંથી મળશે. નકામાં ય પુસ્તકો—નિર્માલ્ય પણ વખતે, મળી જ આવશે પણ સારાં ય મળશે. વળી તેના લેખકોએ વાપરેલ શબ્દો વગેરે આજના લેખકોને તથા પારિભાષિક શબ્દોના વિચારકોને કામમાં આવશે.

આવા એક નાનકડા કામની વ્યવસ્થા પણ ગુજરાત નહિ કરી શકે ? (ચાલુ)

ટિકિટ-સંગ્રહ

[૫] પરફોરેશન

પરફોરેશન એટલે સોંસરૂં કોતરવું અગર કાણાં પાડવાં તે. આખા કાગળ ઉપર એકસામટી છપાએલી સંખ્યાબંધ ટિકિટોને ફાડી તે જુદી કરવા માટે દરેક ટિકિટની ચોમેર ઝીણાંઝીણાં ગોળ કાણાં પાડવામાં આવે છે, તેને પરફોરેશન કહે છે. ટિકિટ ફાડવાથી એ ગોળ કાણાં અરધાં થઇ જઇને ટિકિટની ચોમેર કરકરિયા બની જાય છે.

આ કરકરિયા પણ ટિકિટ-સંગ્રહમાં એક જરૂરનું અંગ છે અને તેની વિવિધતા તથા વિચિત્રતા ઉપર ટિકિટોનાં મૂલ્ય વધે છે.

જુદાજુદા દેશની ટિકિટોનાં આ પરફોરેશન જુદાજુદા માપનાં હોય છે. હિંદુસ્તાનની ટિકિટો કરતાં અમેરિકાની ટિકિટોના પરફોરેશન મોટા હોય છે એ તો સામાન્ય અવલોકન કરનારની નજરે પણ ચડ્યું હશે. એ પરફોરેશન માપવાની પદ્ધતિ એવી છે કે બે સેન્ટીમીટરના ગાળામાં જેટલાં પરફોરેશન આવે તેની અમુક ગણત્રી થાય છે, અને તે માપવા માટે ખાસ 'પરફોરેશન ગેજ' આવે છે હિંદની ટિકિટો ૧૪ પરફોરેશનની છે; કોઇ દેશની વળી ૧૩ાાથી ૧૪ની, કોઈની ૧૨ કે ૧૧ાાની તો કોઇની ૧૦ પરફોરેશનની હોય છે.

આ પરફોરેશનમાં જ્યારે ફરક આવે છે ત્યારે ટિકિટની કિંમત વધી જાય છે. કોઈ ટિકિટની એક બાજુ ૧૨ા પરફોરેશન હોય અને બીજી બાજુ ૧૨ કે ૧૨ાા હોય તો તે ટિકિટ નવતર ગણાઇને તેના ભાવ વધારી મૂકવામાં આવે છે.

બધી જ ટિકિટોને આવાં પરફોરેશન પાડવામાં આવે છે એવું નથી. પરફોરેશન વિનાની ટિકિટો (જેને ઈમ્પરફોરેટેડ ટિકિટો કહે છે) પણ કાઢવામાં આવે છે. કોઇ વાર ક્યાંક ટિકિટની આડી કે ઊભી એક બાજુ પર પરફોરેશન પાડવાનું રહી ગયું હોય છે. તો આવી 'ઈમ્પરફોરેટેડ હૉરીઝૉન્ટાર' કે 'વર્ટિકલ' જોડીની ટિકિટો વિરલ અને મૂલ્યવાન ગણાય છે.

વળી એ પરફોરેશનનાં કાણાંઓના આકારમાં પણ ફેર હોય છે, જે પરથી તેના 'પિન-પરફોરેશન', 'કોમ્બ પરફોરેશન' વગેરે પ્રકારો કહેવાય છે. કેટલાક દેશો ચાલુ પિન-પરફોરેશન કાઢતા હોય અને તેમાં વચ્ચે અમુક ટિકિટો કોમ્બ-પરફોરેશનમાં કાઢે. તો એવી ટિકિટો પણ નવીનતાવાળી ગણાય છે, અને તેની કિંમત વધી જાય છે.

(ચાલુ) હરિલાલ બૅંકર

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૬]

લેખક
ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

પ્રાર્થના-સમાજની મારા ધાર્મિક જીવન પર બહુ અસર છે. ત્યાંની પ્રાર્થનાઓ, ઉપાસના, ઉપદેશ અને સંગીતે મને ભક્તિરસ પાયો છે અને આધ્યાત્મિક પોષણ આપ્યું છે. પરન્તુ પ્રાર્થના-સમાજની દીક્ષા લેવાનો સમય આવ્યો અને એના નિયમો મેં જોયા ત્યારે એક નિયમ ઉપર હું અંતઃકરણપૂર્વક સંમત થઈ શક્યો નહિ. એ નિયમ એવી મતલબનો હતો કે હું મૂર્તિપૂજાને પાપ ગણીશ. બાળપણમાં મૂર્તિપૂજાથી પણ મારા હૃદયમાં ધાર્મિક સંસ્કાર જાગૃત થએલા મેં અનુભવ્યા હતા. અને જો કે ભગવાનની સગુણ ઉપાસનામાં મૂર્તિ છેક ઊતરતી કોટિમાં છે એમ માનવા તો હું તે વખતે તૈયાર હતો, પણ મૂર્તિપૂજા 'પાપ' છે એ સિદ્ધાંત તો મારે ગળે ઊતર્યો નહિ; એટલે ધર્મે હું પ્રાર્થના-સમાજી ન થયો.

ત્યાર પછી થોડેક જ વર્ષે હું પાછો મુંબાઇ ગયો અને ત્યાં નવું ગોઠવાએલું પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ જોયું. ત્યાં, ઘણું કરીને સ્વ. દોરાબ તાતા તરફથી મ્યૂઝિયમને ભેટ મળેલી બે મૂર્તિઓ જોઈ. એ ઇટાલીના કોઇ શિલ્પીની બનાવેલી શુદ્ધ આરસની હતી. એક પર લખ્યું હતું 'વૅનીટી'–મિથ્યાભિમાન; બીજી પર લખ્યું હતું 'મૉડેસ્ટી'––નમ્રતા.

મિથ્યાભિમાન અને નમ્રતા જેવાં ભાવવાચક નામોને પ્રત્યક્ષ કરાવવાનું મુશ્કેલ કામ આ શિલ્પીએ સફળરીતે કર્યું હતું. મિથ્યાભિમાની સ્ત્રી, ઊંચી એડીનાં બૂટ, પાતળી કેડ ને વાંકી ચાલવાળી, માથે ખૂબ પીંછાં ઘાલેલી ને હાથમાં ફૅન્સી છત્રીવાળી હતી. એના મોં પર મદ હતો ને ભમર ચડાવેલી તીરછી દૃષ્ટિ હતી. એને જોઇને જ થતું કે રખેને આપણે આ સ્ત્રી જેવા આડંબરી અને ઘમંડી ના હોઈએ!

'નમ્રતા'નાં વસ્ત્ર સાદાં હતાં, અલંકાર કંઇ જ નહોતા. નયનો ઢળેલાં હતાં અને ઈશુ ખ્રિસ્તની માતા મેરીનું સ્મરણ કરાવતાં હતાં. એ મૂર્તિ જોઇને જ અજાણતાં પ્રાર્થના થઈ જતી કે 'પ્રભો! મને પણ આવી નમ્રતા આપજે!

ત્યાંથી જ મને લાગ્યું કે આપણી મૂર્તિઓમાં પણ આવું જ તત્ત્વ હોવું જોઇએ અને તેથી મૂર્તિપૂજામાં પાપ તો નથી; એટલું જ નહિ પણ આદર્શો સિદ્ધ કરાવી આપવાની અનુપમ શક્તિ એમાં રહેલી હોવી જોઇએ. મારો એ તર્ક ત્યાર પછીની મારી કલાયાત્રાઓમાં સેંકડો અવલોકનો અને પ્રયોગો દ્વારા મેં સિદ્ધ કરી જોયો છે. રૂઢિચુસ્ત ક્રિયાકાંડ ને દર્શનની ઘેલછામાં હું નથી પડ્યો ને ગતાનુગતિક મૂર્તિપૂજા પણ મેં નથી કરી; પરન્તુ 'અવલોકિતેશ્વર' કે 'વિષ્ણુ'ની જૂની મૂર્તિઓ જોતાં તો મને લાગ્યું છે કે કીડીથી કુંજર સુધીનાં પ્રાણીમાત્રનાં સુખદુઃખનું અવલોકન કરી એમની સંભાળ લેનાર, પાળનાર ને પોષનાર ભગવાન આવા જ હોવા જોઇએ.

'પ્રજ્ઞાપારમિતા'ની જાવા-સુમાત્રાની મૂર્તિની છબિ મેં શ્રી હૅવેલનાં કલાવિષયક પુસ્તકોમાં જોઇ હતી. એ મૂર્તિ હાલ બર્લિનમાં છે. એ પછી ઘણે વર્ષે, છેક ૧૦૦ વર્ષ પર ઘડાએલી ગાયત્રીની મૂર્તિ ખંભાતના સ્વામીનારાયણના મંદિરમાંથી ફેંકાઇ ગએલી મારે હાથ આવી હતી. બંનેમાં મેં, જ્ઞાનથી શુદ્ધ થએલી બુદ્ધિને અને સન્માર્ગે પ્રેરણા આપતી અંતઃકરણની શક્તિને પ્રત્યક્ષ જોઇ.

'નટરાજ'ની મૂર્તિમાં, પ્રવૃત્તિમાં નિવૃત્તિનો શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો ઉપદેશ આંખોઆંખ જોયો. ગુપ્ત સમયની 'ધ્યાની બુદ્ધ'ની મૂર્તિમાં આત્મદર્શનનું પરમ સુખ ભોગવતા પવિત્ર આત્માનાં દર્શન કર્યાં. પણ એ બધી કલાયાત્રાની વાત અહીં હું નહિ કરું. એ તો મારે ક્રમવાર આગળ ઉપર જરા વિગતે કહેવી પડશે. આ દૃષ્ટાંતો પાછળ તો, શિલ્પ અને મૂર્તિવિધાનની કલામાં કેટલો રસ ભર્યો છે અને એના ફોટોગ્રાફ જોવાથી પણ આપણી કેટલીબધી છુપી શક્તિઓ બહાર આવી શકે છે એટલું જ બતાવવાનો મારો ઉદ્દેશ છે.

કાવ્યોમાં ઉત્તમ કાવ્યો 'વ્યંગ' કે 'ધ્વનિ' વાળાં કાવ્યો કહેવાય છે. એનો મુખ્ય ઉદ્દેશ આનંદ આપવાનો ગણાય છે, પણ આનંદ સાથે એ 'કાન્તાની માફક' રસમય બોધ પણ એવો આપી દે છે કે ધર્માચાર્યો કે વેદાંતના ગ્રંથો એની આગળ નિર્માલ્ય થઇ પડે છે.

ઉપર જે મૂર્તિઓની વાત મેં કહી અને હજી બીજી વિષે આગળ હું ઘણું કહેવાનો છું તે આવાં ધ્વનિકાવ્યો જેવી સુન્દર અને ભવ્ય છે. મને એમાંથી સત્ય, સૌન્દર્ય, પ્રેમ, આનન્દ અને કલ્યાણનાં દર્શન થયાં છે અને હજી થાય છે. એ મારી બૅંકની મૂડી છે. એ વડે હું પોતાને ધનવાન માનું છું.

ઇ. ૧૯૦૫થી ૧૮ સુધી હું મારી રીતે દેશસેવા કરતો હતો; પણ ગાંધીજીએ ૧૯૧૮માં ખેડા સત્યાગ્રહ આદર્યો ત્યારે ગામડામાં જઈ, લોકોમાં રહી લોકો જેવા થવું પડ્યું.


ત્યારે મને ગોવર્ધનરામનું એક વાક્ય યાદ આવ્યું કે 'શકુન્તલાના હાથનું ઘાસ હરણ ખાતું હતું, પણ દુષ્યંતના હાથનું એ નહોતું ખાતું; કેમકે દુષ્યંત પર એને વિશ્વાસ ન હતો.' એ જ રીતે અમે અંગ્રેજી ભણેલા સાચી દેશસેવા કરી શકતા ન હતા, કેમકે ગરીબ ગામડિયાંને અમારા પર વિશ્વાસ બેસતો નહિ. પણ છેલ્લેછેલ્લે જનસમાજની ભીતરમાં જવાનો એક વિરલ પ્રસંગ મળ્યો.

જપ્તીઓ થઇ ગઈ હતી. લોકોએ મહેસૂલ ખાતે એક પાઇ પણ ભરી નહિ આખરે ભેંશો પર ટાંચ લગાવવામાં આવી અને દૂર ચોરામાં ગામલોકની બધી ભેંશોને મહેસુલી અમલદારો લઇ ગયા. ત્યાં એ ભેંશોને બિચારીને કોઇએ પૂળો ઘાસ પણ નાખ્યું નહિ કે ટીપું પાણી પણ પાયું નહિ. તાપે એ તરફડતી હતી. છતાં આખા ગામમાંથી કોઇ ન ડગ્યું. બધા ટેક સાચવી રહ્યા.

રાત્રે મેં ગામ લોકને કહ્યું કે વચનપાલનનો આવો સુંદર યોગ કલિયુગમાં તો આ પહેલી જ વાર હું જોઉં છું. ચાલો આપણે ભેગા થઇ ઇશ્વરની પ્રાર્થના કરીએ, અને હજી ભારે કસોટીઓમાંથી પસાર થવા માટે બળ માગીએ.

લોકો આવ્યા—સ્ત્રીઓ, વૃદ્ધો, જુવાનો અને બાળકો સુદ્ધાં આવ્યાં. રામજી મંદિર પાસેનો ચોક ભરાઇ ગયો. મારી પાસે સ્વદેશભક્તિનાં ગીતો, એક હારમોનિયમની પેટી અને એક સારા કંઠથી ગાનાર કૉલેજનો વિદ્યાર્થી હતો. હું પણ ગાઈ શકત અને બીજાંઓને ઝીલાવત. પરન્તુ તે જ વખતે મને એક વધારે સારો વિચાર આવ્યો, અને મેં અમારાં ગીતો ને સાજ રહેવા દીધાં. ગામલોકને જ મેં એમનાં મંજીરાં, એકતારા અને ઢોલક લાવવા કહ્યું. એ લાવ્યા અને ભજનમંડળીઓ જામી. એકતારા ઝણુઝણવા લાગ્યા. મેં એમને જ ભજનો ગાવા કહ્યું. અને એ અભણ ને મૂર્ખ ગણાતા લોકોએ સાચાં, બલવર્ધક, નિશ્ચયને દૃઢ કરનારાં એવાં ગીતો ગાયાં કે અમારાં ગીતો એમની આગળ અમને નિર્માલ્ય, એઠાં ને તરજૂમિયાં લાગ્યાં!

ત્યારથી, જે લોકની સેવા કરવી છે તેમના સંસ્કાર અને ખરા ઇતિહાસ જાણવાની મને જરૂર લાગી; અને એ જ અરસામાં ઈ. બી. હૅવેલનું 'આર્યન રૂલ ઇન ઇન્ડિયા' તથા કલા ઉપરનાં એમનાં બીજાં પુસ્તકો વાંચતાં સાચા દેશદર્શન માટે મારી આંખ ઊઘડી (ચાલુ)



કાળ જો ધુરકી રહ્યો, એનું કથન સંભળાય છે?
જગતનાં મેણાં અને કડવાં વચન સંભળાય છે?
કાન ધર, દુખિયાંતણું તુજને રુદન સંભળાય છે?
સાદ પાડે છે તને તારું વચન સંભળાય છે?
છે હવા શીતળ ભલે, પણ એ હવામાં આગ છે.
(શયદા) વાત શી કળીઓ તણી, બરબાદ આખો બાગ છે!!

શરદિન્દુ વંદ્યોપાધ્યાય

બિહારના ધરતીકંપના જ-બહુધા સત્ય-પ્રસંગોનો જેમાં વણાટ છે, એ આ અંકમાં પ્રગટ થતી ચોટદાર વાર્તા 'મરણધક્કો'ના લેખકના નામથી 'કુમાર'ના વાચકો હવે અજાણ નથી; કેમકે 'ચંદનમૂર્તિ' અને વારકો ડા ગામાના જીવનને લગતી 'રક્ત સંધ્યા' નામની એમની વાર્તાઓથી અનેકને એમણે મુગ્ધ કર્યા છે. શરદિન્દુ બાબુ જન્મે ભલે બંગાળી રહ્યા, પણ એમનું જીવન હિંદના મોટા પટવિસ્તાર પર વીત્યું છે. યુક્ત પ્રાંતોના જોનપુર મુકામે ઈ. ૧૮૯૯માં એમનો જન્મ. બિહારમાં મોંઘીર નામના ગામમાં પિતા વકીલાત કરતા, એટલે ઈ. ૧૯૧૫માં મૅટ્રિક થયા ત્યાં સુધીની બાલ્યાવસ્થા ને અભ્યાસકાળ ત્યાં વીત્યાં. ઉચ્ચ અભ્યાસ માટે કલકત્તા ગયા, ત્યાં યુનિવર્સિટી-લશ્કરી-ટુકડીમાં જોડાયા; પણ એવામાં (ગયા) મહાયુદ્ધનો અંત આવ્યો, એટલે તાલીમ લીધા છતાં યુદ્ધક્ષેત્રનો અનુભવ ન મળ્યો. એ જ સમયથી એમનું કાવ્યાલેખન શરૂ થઈ ગએલું.

૧૯૧૮માં લગ્ન થયું તે જ અરસામાં એમનો પહેલો કાવ્યસંગ્રહ પ્રકટ થયો; પણ બહુ ધ્યાન ખેંચી શકેલો નહિ. ૧૯૧૯માં ગ્રૅજ્યુએટ થઈ કાયદાનો અભ્યાસ આરંભ્યો, પણ ૧૯૨૧માં તે છોડી મોંઘીર આવીને આમતેમ થોડી સાહિત્યની તેમ જ નાટ્ય પ્રવૃત્તિઓ ૧૯૨૫ સુધી ચલાવી. પછી પટણા જઈને ફરી કાયદાનો અભ્યાસ ચાલુ કરી પાસ થયા, અને ૧૯૨૭માં મોંઘીરમાં વકીલાત શરૂ કરી. પણ ૧૯૨૯માં તે છોડી દઈને એકચિત્તે સાહિત્યસાધનામાં જ રત બની ગયા. ૧૯૩૩માં એમનો પહેલો નવલિકાસંગ્રહ 'જાતિસ્મર' પ્રકટ થયો; ને તે પછી તો નવલકથાઓ, નાટકો ને ટૂંકી વાર્તાઓનો પ્રવાહ ચાલ્યો

૧૯૩૮માં મુંબાઈની 'બૉમ્બે ટૉકીઝે' એમને કથાલેખક અને સીનારિસ્ટ તરીકે બોલાવ્યા ત્યારના એ ત્યાં જ છે, અને આજે સાહિત્ય અને સીનેમામાં જ એઓ પ્રવૃત્તિરત રહે છે. એમની છેલ્લી સાહિત્યકૃતિ તે અમર કવિ કાલિદાસના જીવનનું ચિત્ર-કથાનક.

સમૃદ્ધ સુમાત્રા

જાવા-સુમાત્રાની ટાપુ-બેલડીમાંના જાવાથી આપણે જેટલા જાણકાર છીએ તેટલા સુમાત્રાથી નથી. સમૃદ્ધિ કમાવાના સ્થાન તરીકે અને હિંદી સંસ્કૃતિના વિસ્તારના દૂરતમ થાણા તરીકે જાવા આપણી કહેવતોમાં પણ સ્થાન પામવા જેટલું પરિચિત બની ગયુ છે. પરંતુ એનું જોડિયું સુમાત્રા પણ એટલું જ સમૃદ્ધ છે.

જાવા બેટને અનુસંધાને, તેના વાયવ્યે આવેલો સુમાત્રાનો ટાપુ કદમાં સ્પેન જેવડો-જાવાથી ચાર ગણો ને એ ઈસ્ટઈન્ડીઝ પર આધિપત્ય ભોગવતા ખુદ હોલાંડથી તેરગણો મોટો છે ૧,૬૭,૪૮૦ ચોરસ માઈલના વિસ્તારની એની ભૂમિ, જંગલ ખનીજ અને ખેતીની એટલી સમૃદ્ધિઓથી સભર છે કે આજે જાપાનના તાબામાં તેના કાચા માલનું તે મુખ્ય મથક થઇ પડયું છે. તેના ઉત્તર અને પશ્ચિમ કિનારા પર જાપાને નૌકા અને વાયુયાનનાં જંગી થાણાં જમાવ્યાં છે.



સુમાત્રા બરોબર વિષુવવૃત ઉપર આવેલું છે,—એવી રીતે કે વિષુવવૃતની રેખા તેને બે ભાગમાં વહેંચતી ચાલી જાય છે. હિંદી મહાસાગરને અભિમુખ આવેલા તેના આખા પશ્ચિમ કિનારાને આવરીને બુકિટ બારીસાન નામની પ્રચંડ પર્વતમાળ પડેલી છે, જેનાં શિખરોની ઊંચાઈ ૫,૦૦૦થી ૧૨,૦૦૦ સુધીની છે. ઇશાન પ્રદેશ તરફ ઢોળાવ લેતી એ ગિરિમાળા પરથી અસંખ્ય નદીઓ વહે છે અને તેનાથી પરિપ્લાવિત થએલો એ રસકસભર્યો પ્રદેશ ચોખા, શેરડી, કૉફી, મરી, મગફળી, કોપરું, તમાકુ, રબર વગેરેનો પ્રચૂર પાક ઉતારે છે. એ જ રીતે એની બીજી જમીનો ખનીજમાં પણ સમૃદ્ધ છે અને પેટ્રોલ, કલાઈ, સોનું તથા કોલસો આપી રહે છે. પશ્ચિમની આખી યે ગિરિમાળા ગીચ જંગલોથી આચ્છાદિત છે જેમાંથી ઓક, કપૂર અને સાગની વિપુલ નિપજ મળે છે. સરોવરો પણ સુમાત્રામાં સંખ્યાબંધ છે, જેમાંનું ટોબા સરોવર તો ૪૫ માઇલ લાંબું, ૧૫ માઇલ પહોળું અને દોઢ હજાર ફૂટ ઊંડું છે. જ્વાળામુખી પર્વતોની પણ અહીં ખોટ નથી. આશરે સોએકની સંખ્યામાંથી ડઝનેક તો જાગૃત જ્વાળામુખીઓ છે. જંગલોમાં હાથી, વાઘ, રીંછ, બે દંતૂશળવાળા ગેંડા, વાંદરાં અને હરણ આદિ પ્રાણિસૃષ્ટિ પણ સારીપેઠે છે.

સુમાત્રાની ૮૦,૦૦૦,૦૦ ની વસતિમાં મોટો ભાગ મલાયી મુસલમાનોનો છે. અગ્નિખૂણે આવેલું રાજધાનીનું શહેર પાલેમ્બાંગ, પશ્ચિમ કિનારા પરનાં પડાંગ અને બેનકૂલન બંદરો, તથા ઉત્તરમાં આવેલું મેડાન એ એનાં મુખ્ય શહેરો છે. પડાંગ 'એમા-હેવન' નામની ઉત્તમ બંદરગાહ ધરાવે છે અને ગિરિપ્રદેશની પેદાશનું મુખ્ય નિકાસબારું છે.

દાઝયા ઉપર ડુંગળી

દાઝ્યા ઉપર ડુંગળીની લુગદી મૂકવાનો યુરોપના અભણ ગામડિયાઓનો ઘરગથ્થુ ઉપચાર હમણાં વિજ્ઞાનની ચસાકણીએ ચડી સિદ્ધ થયો છે; અને સાબિત થયું છે કે રોગના જંતુ-કીટાણુ-ના સંહારક તરીકે ડુંગળીમાં વિશિષ્ટ શક્તિ છે. આવી કેટલી યે કાષ્ટ ને વનસ્પતિની ઔષધિઓ વર્ષો થયાં લોકો ઘરવૈદા તરીકે વાપરતા હોય છે, પણ તે કેવી રીતે કાર્ય કરે છે તેના વૈજ્ઞાનિક જ્ઞાનને અભાવે એ પરંપરા ભુંસાઈ જવા લાગી છે. અશ્રદ્ધા ને આળસ એનાં કારણો છે.

ઇ. ૧૫૩૭માં વિખ્યાત ફ્રેન્ચ ડાક્તર ઍમ્બ્રાંઇઝ પારે લશ્કરી શસ્ત્રવૈદ્ય તરીકે કામ કરતા હતા, તે વેળા રસોડાનો નોકર તેલની ઉકળતી કડાઈમાં પડીને દાઝ્યો. તેના માટે દવાવાળાની દુકાને મલમ લેવા ડાક્તર ગયા ત્યાં એક ગામડિયણે કાચા કાંદાને છૂંદીને સહેજ મીઠું નાખેલી લુગદી બનાવી મૂકવા કહ્યું. ડાક્તરે ઉપાય અજમાવ્યો, ને બીજે દહાડે જોતાં, જ્યાં લુગદી મૂકેલી ત્યાં ફરોળા નહોતા ઊઠ્યા, ને બીજા ભાગોમાં ઊઠેલા જણાયા. તે પછી દારૂગોળો ફાટવાથી મોં ઉપર દઝાયેલા એક સૈનિક ઉપર પણ ડૉ. પારેએ કાંદાનો આ ઉપચાર સફળતાપૂર્વક અજમાવેલો. વૈદકીય ઇતિહાસગ્રંથમાં આજથી વીસ

વરસ પર આની નોંધ કરીને અજમાયશની ભલામણ કરવામાં આવી હતી, પણ તે પ્રત્યે કોઇએ ધ્યાન ના આપ્યું.

હમણાં સોવિયેટ તબીબીઓના પ્રયોગોએ દવા તરીકે કાંદાની પુનઃપ્રતિષ્ઠા કરી છે. પ્રયોગો દ્વારા સિદ્ધ થયું છે કે તાજી છૂંદેલી ડુંગળીમાંથી જે આંખ બાળતો વાયુ નીકળે છે તેમાં રોગજંતુઓ થોડીક મિનિટોમાં નાશ કરવાની શક્તિ હોય છે. પણ તે લુગદીને તુરતાતુરત દાઝવા પર લગાડવી જોઇએ; કેમકે ઝાઝી વાર તે ખુલ્લી રહે તો તેમાંથી ગેલો વાયુ ઊડી જઈ તેની જંતુઘ્ન શક્તિ નાશ પામે છે. એ લુગદીથી જખમ પર રૂઝ આવે છે, પરૂ થતું અટકે છે ને વેદના કમી થાય છે. આ વાયુદ્રવ્યને ફાઇટોન્સાઇડ્ઝ (Phytoncides) નામ આપવામાં આવ્યું છે (યુસોવી) —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સોનું

દુનિયા આખી સોનાને ઊંચી ધાતુ માને છે. આપણી કહેવતોએ પણ 'ક્યાં કંચન ને ક્યાં કથીર ?' કહીને તેને બિરદાવ્યું છે. પણ રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં કંચન જરા પણ ચઢિયાતું નથી. જુઓ:

(૧) તાન્તવતામાં (Ductility–પાતળા તાર ખેંચવામાં) ટંગ્સ્ટન (Tungsten) નામની ધાતુ સોનાથી ક્યાંય ચડી જાય છે; (૨) Malleability અર્થાત્ જેને લીધે તેના ટીપીને પાતળામાં પાતળા વરખ થઇ શકે તે ગુણમાં ચાંદી એના કરતાં ચડે છે; (૩) સોનું નરમ તો એટલું બધું છે કે તાંબાના ભેગ વગર તેના ઘાટ ઘડવા અશક્ય છે; (૪) સૌંદર્યમાં તો એના કરતાં ઍલ્યુમિનિયમ-બ્રૉન્ઝ ચડિયાતું છે. વળી એ ધાતુ સોનાથી વજનમાં પણ ખૂબ હલકી છે. સોનું તો બિનજરૂરી ભારે છે; (૫) અને બિનજરૂરી ભારે હોવાથી જ 'ગોલ્ડ પ્લેટિંગ' કરવું ઘણું ખરચાળ છે કેમકે, પાતળા પટનું પણ વજન ઘણું વધી જાય છે; (૬) વિદ્યુત્-વાહકતામાં પણ ત્રાંબુ ને રૂપું બંને એનાથી ચડી જાય. વળી કોઈ કહેશે કે તેજાબોની અસર સોના પર સૌથી ઓછી છે. તેનો જવાબ પ્લૅટીનમ ધાતુ આપશે; (૭) વળી લોઢું, ટંગ્સ્ટન વગેરેની બરડતા ભૌતિકશાસ્ત્રની ક્રિયાઓથી નિવારાય છે; જ્યારે સોનાની બરડતા નિવારી શકાતી નથી; (૮) સુવર્ણમિશ્રિત ધાતુઓ (Alloys)માં પણ કંઈ ખાસ રામ નથી હોતા.

ઉપયોગિતાની દૃષ્ટિએ જો ધાતુઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો સોનાનું સ્થાન આજે છે તે કરતાં પણ બહુ પાછું જાય.

(આર. એન. ભાગવતના પુસ્તક પરથી) —હિ. મ. પટેલ

કાપડ છાપવાની કળા

કાપડ છાપવાની કળાની શરૂઆત ક્યારે થઇ એ કહેવું અતિ મુશ્કેલ; એનો ઉદ્ભવ ક્યા સૈકામાં થયો તે પણ હજી નક્કી કરી શકાયું નથી; પરંતુ એટલું તો ખરું જ કે આ સુંદર કળાનો ઉદ્ભવ પૂર્વના દેશોમાંથી એટલે કે હિંદ ને ચીનમાંથી થયો છે. ઘણા જૂના કાળથી ભારતે આ ઉદ્યોગ હસ્તગત કર્યો છે ભારતનું લાકડાનાં બીબાંથી છાપેલું અવનવી ભાતવાળું કાપડ દુનિયાનાં બજારોમાં આશ્ચર્ય ફેલાવતું.

કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો આ ઉદ્યોગનું ઉત્પત્તિસ્થાન ચીનને માને છે, પરંતુ આજે ચોક્કસ કરી શકાયું છે કે હિન્દ જ આ કળાનું શોધક અને પોષક છે. ચીન ને જપાનમાં આ કળા હિન્દની સફરે આવેલા મુસાફરો મારફતે જ ગએલી લાગે છે. કાપડ છાપવાની અનેક રીતો છે; તેમાં બીબાં વડે છાપવાની કળામાં હિન્દ પ્રથમ છે, યંત્રથી છાપવામાં યુરોપીય દેશો ઊંચે છે ને સ્ક્રીનથી તેમજ સ્પ્રે વડે કાપડ છાપવામાં જપાનીઓ આગળ છે.

બીબાંની મદદથી અનેકરંગી ભાત કાપડ ઉપર છાપી શકાય છે. દરેક રંગ માટે જુદું બીબું રાખવું પડે છે; એટલે કે ચાર-રંગી ભાત છાપવા માટે ચાર બીબાંની જરૂર પડે છે. આ કળા મોંઘી છતાં સુંદર છે. કાપડ છાપવા માટે સારા અનુભવની ને જ્ઞાનની જરૂર પડે છે. બીન અનુભવીનો તો શરૂઆતમાં હાથ જ ધ્રૂજી જાય. એક પછી એક બીબું ગોઠવીને ભાત એકસરખી મેળવવી તથા આકર્ષક ને બંધ-બેસતા રંગોની પૂરવણી ચોક્કસ રીતે કરવી, એ અનુભવ વિના મુશ્કેલ છે.

રંગોની જાત અને વર્ગ પ્રમાણે, છાપકામ માટેની રંગની લુગદી (પેસ્ટ) જુદીજુદી રીતે તૈયાર કરવામાં આવે છે. કાપડ ઉપર આ રંગનો મસાલો છાપ્યા બાદ, કાપડને સૂકવીને રંગના વર્ગ પ્રમાણે છાપેલા કાપડને વરાળ (સ્ટીમ) આપવામાં આવે છે. જ્યારે કેટલાક રંગોને વરાળની જરૂર પડતી નથી.

આ કળાની ખરી સફળતા બીબાં કોતરનારના ઉપર આધાર રાખે છે. આકર્ષક અને સુંદર ભાત માટે સારી ભાતવાળાં બીબાં હોય તો કાપડ દીપે છે. બીબાં ઉપર સૂક્ષ્મ ભાતની કોતરણી, કારીગરીની સૂક્ષ્મ બુદ્ધિ અને મહેનત માગી લે છે. અનેકરંગી ભાત માટે બીબાંની સપ્રમાણ ગોઠવણી એ કારીગરની શક્તિનું પ્રમાણ છે. સારાં કોતરેલાં બીબાં ન હોય તો એકસરખી ભાત છાપવી મુશ્કેલ થઇ પડે છે.

આ ઉદ્યોગ આજે હિન્દમાં મોટા પાયા પર ચાલે છે અને હજી એની વૃદ્ધિ થયે જ જાય છે. બીબાં વડે કાપડ છાપવામાં આજે દુનિયાના દેશોમાં હિન્દ પ્રથમ છે. —ગોરધનભાઈ હા. પટેલ



કૉપીરાઈટનો સ્વીકાર



૧૯૩૫માં 'કુમાર'ના ૧૦૦મા અંકમાં પ્રથમ પ્રકટ થએલું અને 'ગુજરાત કલા કલાપ' ભાગ ૧ માં બહાર પડેલું, સુપ્રસિદ્ધ કલાકાર શ્રી રવિશંકર રાવળનું મૌલિક ચિત્ર 'જીવનસંગીત' વડોદરાની ઍલેંબિક કેમિકલ કંપનીના ૧૯૪૨ના કૅલેંડર માટે મુંબઇના રવિ ઉદય પ્રેસના માલિક શ્રી માધવરાવ જોષીએ છાપી આપેલું આ બંને પક્ષ ઉપર મુંબાઈની કૉર્ટમાં મેસર્સ ફરેરા ઍન્ડ વલ્લભદાસ સૉલિસિટરો મારફત કૉપીરાઇટ ભંગ માટે તથા નુકશાની ને ખર્ચનો દાવો કરવામાં આવ્યો હતો. પ્રતિપક્ષીઓએ સમયસર પોતાની ભૂલ સમજી આ બાબતમાં સમાધાન માગીને, કૉર્ટની ડિક્રીથી શ્રી રવિશંકર રાવળના ચિત્રના કૉપીરાઈટનો સંપૂર્ણતઃ સ્વીકાર કર્યો છે અને ભવિષ્યમાં આને અંગે કોઇ પણ જાતનો ભંગ પોતા તરફથી થશે નહિ તેવી ખાતરી આપી છે.

કસોટીના ઉત્તરો

(૧) કાજીએ પોતાનો એક ઘોડો મંગાવીને તેમાં ઉમેર્યો એટલે ૧૮ થયા. તેમાંથી નાનાને ૯, વચેટને ૬ અને મોટાને ૨ વહેંચી આપ્યા, ને બાકી પોતાનો વધ્યો તે પાછો ઘેર મોકલી દીધો. (૨) 'એશિયા' શબ્દ 'ઉષસ્' ઉપરથી પડ્યો છે, અને તેનો અર્થ 'ઉષઃકાળની ભૂમિ' એવો થાય છે. જાણે મહાખંડોમાં એશિયા પૂર્વ દિશાએ આવેલો છે. (૩) કુલ ૧૪ ચોરસ; 'અ' કાઢવાથી ૧૧ રહે, 'બ' કાઢવાથી ૧૦ અને બંને કાઢવાથી ૭ રહે; (૪) ગમે તે બે આંકડા, જેમાં બીજાનો સરવાળો પહેલા કરતાં બમણો હોય. (૫) છ ફૂટ.

આ માસ ઈતિહાસમાં

સપ્ટેમ્બર

તા. ૧ જર્મનીનો પોલાંડ પર હલ્લો. બીજા વિશ્વયુદ્ધની શરૂઆત, ૧૯૩૯.

તા. ૪ 'સ્વરાજ' મંત્રની પહેલી દીક્ષા આપનાર દાદાભાઈ નવરોજીનો જન્મ, ૧૮૨૫.

તા. ૯ વિપ્લવવાદી જતીન મુખરજીને કટકની હૉસ્પિટલમાં ફાંસી, ૧૯૧૫.

તા. ૨૧ વિખ્યાત સ્કૉચ કવિ અને નવલનવેશ સર વૉલ્ટર સ્કૉટનું અવસાન, ૧૮૩૨.

તા. ૨૩ બાળલગ્ન નિષેધક સારડા કાયદો વડી ધારાસભામાં પસાર થયો, ૧૯૨૯.

તા. ૨૬ બંગાળી સમાજ, શિક્ષણ અને સાહિત્યને સંસ્કારી જનાર સાધુચરિત વિદ્વાન ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરનો જન્મ, ૧૮૨૦

આ માસની વ્યક્તિવિશેષ

ભારતેન્દુ હરિશ્ચન્દ્ર



ભાષાના ખેડાણ વિના પ્રજાની અસ્મિતા જન્મવી શક્ય નથી, એ દીર્ઘ દૃષ્ટિથી પ્રેરાઈ પોતાની કલમની તેજસ્વિતા ને આર્થિક સમૃદ્ધિ વડે હિંદી ભાષાને પરિપોષીને તેને પહેલવહેલું ગૌરવપદ આપનાર અને તે માટે 'ભારતેન્દુ'નું બિરદ પામનાર બાબુ હરિશ્ચન્દ્રનું સ્થાન, જેવું ગુજરાતીમાં નર્મદનું, બંગાળીમાં બંકિમબાબુનું અને મરાઠીમાં ચિપળૂનકરનું છે તેવું જ હિંદીમાં અગ્રિમ છે. રૉબર્ટ ક્લાઈવને પડખે થનાર પહેલા હિંદી અમીચંદની પાંચમી પેઢીએ, ૧૮૫૦ની ૯મી સપ્ટેમ્બરે કાશીમાં ધનાઢ્ય કુટુંબમાં એમનો જન્મ. માતાપિતા બચપણમાં જ ગુજરી ગયાં, અને સ્વભાવ ગુલાબી ને સ્વતંત્ર, એટલે કૉલેજનું થોડું જ શિક્ષણ પામી શક્યા, ને પછી ઉપર જણાવ્યા મુજબ સાહિત્યસેવા પાછળ જીવન વ્યતીત કર્યું. અંગ્રેજી ભણેલા જેને બોલતાં શરમાતા, ને સંસ્કૃત ભણેલા જેને 'ભાખા' કહી વગોવતા તે હિંદી ભાષાને ઉન્નતશિર બનાવવા એમણે અનેક પત્રો કાઢ્યાં, જાતે અનેક વિષયોમાં કલમ ચલાવી, અનેક લખનારાઓને પુરસ્કારો આપ્યા, સંખ્યાબંધ પુસ્તકો મફત વહેંચાવ્યાં, અને હિંદી ગદ્ય તથા પદ્યને હિંદી જનતામાં ઓતપ્રોત કરવા પાછળ પોતાની વિપુલ દોલત એટલી ઉદારતાથી ખરચી નાખી કે પાછલા જીવનમાં એમને ફાકા પડવા લાગેલા. પણ એમની ઉદારતા ને શ્રમ છેવટ સુધી એ જ રહેલાં. ૧૮૫૫ના જાન્યુઆરીની ૬ઠ્ઠીએ ૩૫ વર્ષની વયે એમનું અવસાન થયું.

પૃથ્વી સમું નહિ બેસણું, આભ સમું નહિ છત્ર;
પ્રેમ સમી નહિ માધુરી, આપ સમો નહિ મિત્ર.

—કુરાનમ્—

અજવાળી રાતની ચાંદનીમાં છોકરાઓ આટાપાટા રમતા હતા. તેમાં બે ભાઈઓ સામસામા પક્ષમાં હતા. છેક છેલ્લા પાટા આગળ બંને ભાઇ સાથે થઈ જતાં મોટાએ પોતાને રસ્તો કરી દેવા નાનાને કહ્યું. નાનાએ તે ન માનતાં મોટાએ દમ ભીડાવી કહ્યું, 'મોટા ભાઈનું કહ્યું નથી માનતો?' નાનાએ તાતો જવાબ આપ્યો 'તું મોટો ભાઈ શાનો? તું તો દુશ્મન છે!' પોતાની પ્રામાણિકતાથી મોટાનું મોં ઊતરી ગએલું જોઇ નાનો મૃદુ અવાજે બોલ્યો, 'તું કહેતો રમત છોડી ચાલ્યો જાઉં, પણ મારાથી મારા પક્ષને દગો તો ન દેવાય.' એ પ્રામાણિક બાળક તે સ્વ. ગોપાલ કૃષ્ણ ગોખલે—ગાંધીજીના રાજકારણી ગુરુ.

અનેકાર્થી શબ્દ: **ભાવ**=હેત; પ્રીતિ; ગમો; કિંમત; ઇરાદો કે મતલબ; વૃત્તિ કે લાગણી; ચેષ્ટા; અભિનય; સ્વભાવ કે પ્રકૃતિ; અસ્તિત્વ હોવું તે; આસ્થા; સ્થિતિ કે સ્વરૂપ; નાટકમાં આવતું 'આર્ય!' 'પૂજ્ય!' એવું સંબોધન.

કહેવતોના અર્થ: 'ધડિયાં-પિત્તળિયાં વાગી ગયાં છે.' કોઇ કાંઈ નાની નાની બીક બતાવે તેથી કે સામાન્ય દુઃખ યા મુશ્કેલીથી પોતે ગાંજ્યા જાય એવા નથી અને કેક આપત્તિઓ પાર કરી નાખી છે, એવો ધીંગાપણા કે રીઢાપણાનો ભાવ બતાવવા માટે વપરાતી આ કહેવતના ટેકામાં એક ઉદાહરણ છે કે એક ઊંટ ખેતરમાં પડ્યું ત્યારે રખોળિયાએ તેને હાંકવા થાળી વગાડવા માંડી. એ સાંભળી ઊંટ કહે કે 'આ પીઠ પર તો ધડિયાં પિત્તળિયાં વાગી ગયાં છે, મોટી ત્રંબાળુ ગડગડી ગઇ છે, ત્યાં તારી થાળીનો શો હિસાબ?' એને મળતી બીજી કહેવતો: 'અમે તો ઘણા સાંઠા ઓળાંડેલ છે;' 'અહીં તો અડતાલીશે સંસ્કાર થઈ ગયા છે;' 'આ કૂવે તો ઘાણી ઘેડો ફૂટી છે.'

ગણિતગમ્મત: પાસેપાસેની કોઈ પણ ચાર સંખ્યા લો; અને તેની વચલી બેના ગુણાકારને ભાજ્ય તરીકે લઈ પહેલી વડે ભાગશો તો ભાગાકારમાં છેલ્લી સંખ્યા જ આવશે, અને શેષમાં અચૂક '૨' આવશે. ઉદાહરણ: ૩,૪,૫,૬. એમાં (૪×૫)÷૩; એટલે ૨૦÷૩=૬ ભાગાકાર અને ૨ શેષ. ૧૫,૧૬,૧૭,૧૮. એમાં (૧૬×૧૭)÷૧૫; એટલે ૨૭૨÷૧૫=૧૮ ભાગાકાર, અને ૨ શેષ. એ પ્રમાણે ગમે તે ચાર ક્રમિક પાસપાસેની સંખ્યાનાં પરિણામ આવશે. (મ. ના. ખત્રી)




ખોટી વાત: વિલાયતમાં એવી માન્યતા છે કે કૂતરાંમાં ચોર-ડાકુને ઓળખી કાઢવાની શક્તિ હોય છે ને તેના પર તરત હુમલો કરે છે, પણ શરીફ આદમીને ન છેડતાં તેની સાથે હળી જાય છે. પણ આ એક તૂત જ છે. કેટલાક લોકોમાં કૂતરાંને હેળવી લેવાની આવડ હોય છે, ને કેટલાક ગમે તેવા શરીફને પણ એવી આવડત નથી હોતી તો કૂતરાં તેના પર હુમલો કરે છે. આની ખાત્રી માટે મેઇન શહેરના ગવર્નર બૅક્સ્ટરે શહેરની જેલમાં એક કૂતરો મોકલ્યો, ત્યાં એ જેલના ભલભલા રીઢા ગુનેગાર ડાકુઓ જોડે હળી ગયો હતો!


એક નાના ચેકુસે નોકરી માટે અરજી કરી. ધંધો વધારવા ઈચ્છતા શેઠે તેને બુદ્ધિની ગંભીરતા સમજવા પૂછ્યું: 'વારુ દોસ્ત, તને એક લાખ રૂપિયા મળે તો તું શું કરીશ?'

છોકરે ભોળે ભાવે જવાબ આપ્યો: 'શું કહું શેઠ સાહેબ? એકદમ મને આટલી જંગી રકમ તમે આપશો એવી આશા જ નહોતી.'

પાયોરિયા-દાંતમાં થતા પરૂ-ના દર્દ ઉપર અનનાસ ઘણો ફાયદો કરે છે. એ દર્દવાળાઓ દિવસમાં એક બે અનનાસ ખાતા રહે તો ગુણ કરે.



ગરુડની આંખે ત્રણ પોપચાં હોય છે! બે પોપચાં તો સૌની જેમ ઉપર-નીચેનાં, અને એક ત્રીજું પારદર્શક પોપચું વધારાનું તેને હોય છે, જે અંતરીક્ષના આકરા સૂર્યપ્રકાશથી તેની આંખને રક્ષે છે.



Courtesy : The Illustrated London News

એરોપ્લેનમાં આકાશવિહાર

(એક મનોરમ દૃશ્ય)



હીરા-ભાગોળ (ડભોઇ)નું ઉત્કૃષ્ટ શિલ્પ (ફોટો • બળવન્ત ભટ્ટ)



કન્યાની પસંદગી

ચિત્રકાર • કે. કે. હેબ્બર



ટપાલની ટિકિટો પર જ્વાળામુખી પર્વતો (જુઓ જમણી બાજુ) ઉપલી હાર: (૧) ફિલિપ્પાઇનની ટિકિટ પર મૅયૉન પર્વત; (૨) ચીલી–દક્ષિણ અમેરિકા–ની ટિકિટ પર ત્યાંનો ઓસર્નો જ્વાળામુખી; (૩) જાપાનની ટિકિટ પર ફ્યૂજી પર્વત; નીચે (૧) જાપાનની ટિકિટ પર નાન્તાઈ જ્વાળામુખી; (૨) જાપાનની ટિકિટ પર આસો પર્વત